કેળવણીના પ્રતાપ

યાને

ભોંયે પડયાં ભોંયે ન રહે.

બનાવનાર

દીનબાઈ અ. ફ. જા. ચીનાઈ.

મુંબઈ:

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસમાં

ગણપતરાવ રામજી પ્રીંટરે છાપ્યું છે.

૧૯૦૪.

અર્પણ પત્ર.

મારા માયાળુ નેક મોટા બાવાજી

બેહેસ્તનશીન શેઠ શોરાબજી શાપુરજી
બંગાલી સી. આઇ. ઇ.

જેવણ સ્ત્રી કેળવણીનાં એક ખરા મદદગાર હતા

અને જેવણે પોતાની આખી જીંદગી ભલાં અને
ઉપયોગી કામોને અર્પણ કરી હતી

તેવણની ભલી અને પવિત્ર યાદમાં

આ મારૂં નાનકડું પુસ્તક

અતી વાહાલ અને આભારની લાગણી સાથ
માનપુર્વક અર્પણ કરૂં છું.

પ્રસ્તાવના.

આ પુસ્તકમાં પ્રગટ થયલી વાત 'કેળવણીનાં પ્રતાપ' યાને ભાંચે પડયાં ભાંચે ન રહે' તદન "ઓરીજીનલ" છે. વાંચનાર સનમુખ પુસ્તકનાં આકારમાં આ મારૂં લખાંણ પહેલું છે; જોકે માસીક ચોપાનીયાઓમાં મારાં બીજાં કેટલાંક લખાંણો આવી ગયલાં છે. જેઓએ એ મારી વાર્તા આગમજથી વાંચી છે તેઓને એ ઘણી ગમી છે. જાણીતા લેખક બેહેસ્તનશીન શેઠ કેખશરૂ નવરોજી કાબરાજીએ પણ એ વાર્તા માટે ઘણી પસંદગી જણાવી હતી.

વાંચક વર્ગને આ વાર્તા ગમશે અને નાહનલાં તેમજ મોટાંઓને એક સરખી રીતે મરહુમ શેઠ કેખશરૂ કાબરાજીનાં બોલોમાં "સુબોધક વાર્તા" જણાશે, એવી હું આશા રાખું છું.

દી. આ. ર. ચીનાઇ.

સાંકળયું.

સફે.

કેળવણીનાં પ્રતાપ
યાને
ભોંયે પડયા ભોંયે ન રહે.

પ્રકરણ ૧ લું.

એક ગરીબ ભલું કુટુંબ.

"કેમ બેટા આવ્યો કે? આજે એટલું મોડું કેમ?"

"હા માયજી; આજે મોડેથી નીશાલ છોડી તે મને બી ખોટી થવું પડયું. મને મેહેરબાંની કરી એક ચાનું પ્યાલું ને પાઉં આપો, આજે હું ઘણો ભુખ્યો થયો છું."

"પણ તે તું બપોરનાં જમતો નહીં તે હું શું કરૂં શાવક દીકરા. તું તો એમનું એમ મારે માટે રાતને સારૂં પાંછું લાવે છે."

"માયજી, એમ કરી મને દુઃખી ના કરો.

તમો બપોરનાં નહીં ખાવો અને હું ખાવું! એમ બનીજ કેમ શકે!"

ઉપલી વાતચીત પારસીવાડની એક સાંકડી ગલીમાં અંધારા ભોંયતલીયાની એકાદ ઓરડીમાં ચાલતી હતી.

પ્રિય વાંચનાર! એમાં જરા ડોકું કરી જો. તારા એક નાધલાં ગોડાઉન જેટલી આ નાયકલી અંધારી ઓરડી છે. એક નાંધલું સરખું બાકું હવા આવજાવ માટે બારીની ગરજ સારે છે. તેમાં તું જે ચંચલ આંખનો નાનો છોકરો, તથા એક બુજોર્ગ બાઈ, (જે ભોંયપર સાદરીપર બેસીને ધીમી બતી આગલ કાંઈ શીવે છે,) જોય છે, તેઓનાં દેખાવ પરથી અને આટલી વાતચીત પરથી ઘણાં ભલાં માણસ દાખલ તું તેઓને પીછાણી શકશે.

"માયજી, ઓ માયજી," એ કોણનો સાદ. જરા થોભ. સામે પેલી અંધારી ચાલમાં નજર કર. એક દુબલા દેખાવની લુલી લંગડી બાપડી એક બાર તેર વર્ષની છોડી તુંને દેખાશે. "માયજી, મારૂં ભોનું પાસેનો રસોઈ ઝુટવીને ખાઈ ગયો

ને મને મોહોલ્લાનાં છોકરાંઓની સાથે રૂપઈ લંગડી કરી ચીડવે છે."

"કાંઈ નહીં દીકરા એમ આપણે ચીડઇ નહીં જઈયેં. ખોદા તુંને જલદીથી સારી કરશે. તુંને અગાઉ કરતાં તો બિચારા કેખશરૂ ડાકટરે, ખોદા તેવણુને બેહેસ્ત આપો! તે તેવણે બિચારાએ વગર હાંસલે એટલી બી ફરતી કીધી. તુંને તો જનમથી લકવો હતો માય. સબુરી પકડ દીકરી મારી."

"એ કોણ મારી રૂપઈ બેહેન કે?" આ બોલનાર કોઈજ નહીં પણ પેલો નમાનો ચંચલ આંખનો છોકરો શાવક હતો. "કાં બેહેન એમ રડેછ કાંય?"

"દીકરા એતો પાસેનો પેલો ચીબાવલો રસતઇ એનુ ભોણું ખાઈ ગયો. ને એને લંગડી કરી ચીડવેછે તેથી એમ કરેછ" માયે કહ્યું.

"લે બેન મારી, મને હમણાં ભુખ નથી, તું સુખેથી આ મારૂં ભોનુ ખાઈલે, ને એવાં ખરાબ પોરીયાંઓ જઓ કુદરતને હસેછે, તેઓપર ધ્યાંન નાં આપ."

આ ભલા ખવાસનાં જવાંન્યાની આપણે વધુ ઓળખ લઈયે. તે બિચારો એક નીશાલમાં કચરો કાઢવા તથા નિશાલ સાફસુફ કરવાનાં કામપર પાંચ સાત રૂપૈયે રહેલો હતો. સવારનાં નવ વાગેથી સાંજનાં ૭ સાડા ૭ વાગાવેર હમણાં તેને રોકાવું પડતું હતું, કારણ કે હમણાં પરિક્ષાનાં દીવસો નજદીક આવ્યા હતા માટે ઉપલા વર્ગનાં છોકરાંઓનાં અભ્યાસપર શીક્ષકો વધુ વખત રોકી તેઓને જલદીથી પસાર કરવાની ઉમેદમાં નીશાલ જલદીથી ઉઘડાવતા તેમજ મોડેથી બંધ કરાવતા હતા. તે ગરીબ વીધવા બીચારી જેઠે બી હાથ ઓલવા જવા ઘણી અચકાતી હતી, કારણકે અગાઉ તેણીએ ઘણો સારો વખત જોયલો હતો. કોઇ સખી દાતાર ગુપચુપ બોલ કાઢતો તેણીને બારણે આવી ચઢતો. તેની મદદ પણ તેણી ઓસકાઈને કબુલ રાખતી. થોડામાં બોરૂવલી નાપાક મરકીએ તે કુટુંબનો ધાંન કાઢી સત્યાનાશ વાલ્યું હતું, અને અગાઉ તેણી જ થોડું ઘણું પણ શીવી કાંઈક કમાઈ કરી શકતી હતી તે હમણાં મરકીનાં હુમલામાંથી ફારેગ થયા પછી નાકવતીને લીધે યાને આંખે દગો દીધાથી જીવપર શક્તિ ખેંચી જેમ તેમ કાંઇક શીવી શકતી.

આપણે જોઈ આવ્યાં તેમ તેણી હમણાં પણ ધીમી બતી આગળ શીવે છે; જ્યારે જેનાં ભાઈ-બેન શાવક અને રૂપઈ વાતે વળગેલાં છે.

"બેહેન રૂપઈ, તું ગેરસ્સો નહીં કરે તો કહું, તું હવે મોટી થઈ તે એમ મોહોલ્લાની બીજી છોક-રીઓ આ ઘેરથી મેલે ઘેર સારી વગર દોડતી ફરે છે તેમ ના ફર. તુંને મેં એમ કેટલી વખત કહ્યું!"

"તે હું શું કરૂં? મને સારી અપાવ, મોટે મોઢે બોલતાં આવડયું કે સારી પેહેરીને ફર, પણ પેહેરૂં કયાંથી?"

"વલી કયાંથી પેહેરે? આપણે ગરીબ માણસે-બી શું સોજ્જી રેશમી સારીજ પેહેરવી જોઈયે? જરા ફાટીતુતી શીવી સાંધીને નહીં પેહેરાય? તારી પેલી છાપા સારી છે તે તું બાહાર મોહોલ્લામાં જાય ત્યારે શું પેહેરીને નહી જવાય?"

"તે કોણ પેહેરે ને વલી મોહોલ્લાની બધી છોકરીઓ ખીખી ખાખા કરે કે લે વલી આ મોટે ઘેરની હભઈજી મોહોલ્લામાં સારી પેહેરીને લટક મટક ચાલે છે તે મને તો શરમ લાગે છે, તે હું નહીં પેહેરૂં બા."

"અરે ગાંડી રે ગાંડી. બધી પોરીઓ તુંને એકબારગી પેહેલાં હસસે તો શું થયું! પણ અંતે તો તેઓ તુંને જોઈને તારી નકલ કરશે." એક સારો સુધારો કોઈબી કરે તો તેને તો પેહેલાં એ તારાં બઈરાંઓ હસીજ કાઢશે ને પછવાડેથી પોતપોતામાં કહેશે કે 'મરે રે પેલી કરેછ તે સારૂં લાગેછ જો' કરી પોતેબી પછી તેમ કરશે."

"હવે ભઈ તું ભાષણ નાં કરની તો. ચાલ હું 'હવેથી સારી પેહેરીને મોહોલામાં બાહાર નીકલશ."

"મારી ડાહી દીકરી. જો તું મારૂં કહ્યું માંનીને બધો કચરો એકઠો કરીને આપણાં આંગણાં આગળ નથી નાંખતી તેજેવું સારૂં લાગેછ! પેલાં સાંમેના લોકોનાં બારણાં આગળ શી તરેહની માંખો ભણભણ કરેછ પણ કોઈને કાંઈ આવા મરકીના વખતમાં દરકાર છે કે કાંઈ સાફસુફ રાખે. લે પેલું નાધલું પોરીયું મોહોલામાં સુગંધ પાથરવા ઉતર્યું! પછી કહેશે કે ખોદાનો કોપ ઉતર્યોછ; પણ એવી નજીસાઈથી વાપડે તો નહીં શું કાંઈ થાય ને બીજાં આંસપાસનાંઓબી વગર વાંકે દૂ:ખી થાય."

"ચાલ દીકરા કાંઇ બીજી વાત કર. એમ જીવ નાં કુહુરવ્યાં કર. તું કહેતો તોની કે તું અંગ્રેજી શીખેછ; તે વાત તો કાલે અધુરીજ રહી ગઈ."

"હાં ખંરા તે તો કહેતાં ભુલીજ ગયો. નીચેનાં ક્લાસમાં અંગ્રેજી શીખવનારા કાવસજી માસ્ટર કરીને છે. ખરેખરા કોઈ ઘણા ભલા માણસ છે. તેવણનો સાંદ ઘણો મોટો છે. હું જ્યાં ભોંયતળીયે બેસુંછ ત્યાંજ તે ક્લાસ છે; ત્યાંથી બરાબર મને બધું સંભલાય છે તેથી તે ક્લાસનાં છોકરાઓની સાથ હુંઆી 'એ, બી, સી, ડી,' શીખી ગયો. તેઓને હવે ઇંગ્રેજી પેહેલી ચોપડીનાં પૈસા લાવવા કાલે માસ્ટર કહેતા હતા પણ હું કેમ ચોપડી લઈશ તેનાં વિચારમાં હતો, ને 'એ, બી, સી, ડી,' બોલતો હતો કે મને બરાબર મકી આવડેછ કે નહિં; તેટલાં મારી પીઠે કાવસજી માસ્ટર આવીને ઉભેલા તે મને તો ખબરજ નહીં. તેવણે મને ઘણી મમતાથી બધો મારો હેવાલ પુછયો ને મને શીખવા ગમેછ કે નહીં તે પુછીને પોતાને ઘર શીખવા માટે બોલાવ્યો છે. તેમ જવાની મને રજા આપશો કેની માયજી?"

"દીકરા, તુંને ગમે તો જજે. પણ એમ કોણ, કેટલો વખત, તારા જેવા એક ગરીબ, નીરાસ્ર છોકરાને શીખ્ખવવાનું હતું! ને એમ શીખી શીખીને તું એટલું બધું શું શીખવાનો હતો વારૂ! ને શીખેલાઓ હમણાં શું કમાયછ જે તેની વાત! તે કમાવાનાં દાહાડા ગયા હવે. તારા બીચારા બેહેસ્તી બપાવા ડાકટરનાં ધંધામાં ગરીબ ગુરબાંઓની મફત દવા કરતાંબી પોતાની હુશ્યારીથી કમાયા તે ખરા. તું શું કમાતોં તો દીકરા!"

શાવક પોતાની વાહાલી માદરને આ પ્રમાંણે પોતાની ઉલટને કચડી નાંખનારા વાકયો સાંભળીતો ગમગીન બેઠો. તેની આવી સમજુ મા પણ આવા વિચારો ધરાવે છે તે તેને નહીં ગમ્યું, પણ દુઃખથી કંટાલી બીચારી એમ બોલતી હશે કરી સમજી સંતોષ પકડી તે એટલુંજ બોલ્યો કે 'કાંઈ નહીં હુંજ તમોને કમાઈને બતાવીશ' તેને તરેહવાર વિચારો આવ્યા કે તેનાં બપાવાની શું જાહોજલાલી હતી ને કાંઈક ગમગોની સાથે તે વીચાર કરી શક્યો કે પોતાનાં ભલા પણ વગર ભણેલા બાપે પૈસા કેમ ઉડાવી નાંખ્યા. તે મોટું ખાનદાન તથા તે ભલા માણસોનાં ફરજંદ દાખલ

હમણાં તેને ઓલખેછ. કોણ? હમણાં તો પૈસાનાં. સઊ પુજારી છે. પૈસો સઉને વાહલો છે. કાવસજી માસ્ટર તેને મમતાથી શીખવવા માટે પુછતા હતા તેટલામાં એક બીજાં માસ્ટર આવી લાગ્યા ને એ મસાલનું કામ કરનાર પોરીયો શું શીખંતો હતો કરી તેને ધીક્કાર્યો સે તેને કાંઇક દુઃખથી યાદ કીધું. પણ એવા દુઃખી વીચારોથી તો ઓર તેને વધું શુર છુટયું અને તેનાં વીચારો કાંઇબી એલમ શીખવાપર મક્કમ થયા ને તે પોતાનાં મનમાં ઠરાવ કરી ઉઠયો કે કાંઇબી કરીને હું શીખીશ; અને મારા બપાવાની માફક નામ કાઢીશ. શું તે ફાવશે? આપંણે આગળ ચાલતાં જોઈશું. પણ એટલું તો ખરૂં કે જયારે કોઇપણ માણસ મનમાં કાંઈબી કરવાનો ઠરાવ કરેછ તો તેને માટે ઇંગ્રેજીમાં કહેવત છે તેમ ઘણા રસ્તાઓ પડેલા છે.

પ્રકરણુ ૨ જુ.

મીઠાંની ખુબસુરતી.

હવે શાવકને શીખવવાનું માથે લેનાર પરગજુ કાવસજી માસ્તરને ત્યાંની આપણને ઓળખ લેવી પડશે. તેવણ ગ્રાંટરોડપર એક કુશાદે મકાનમાં રહેતા હતા. તેવણ પોતાની એકપુરી દીકરી મીઠાં અને ભાઇ રતનશા તથા તેવણનાં ધણીયાણી રોશનબાનું અને તેઓની દીકરીઓ પરીચેહેરબાનું તથા ચાંદનબાનું સાથ પૈસાની તંગાસ વગર દીવસો ગુજારતા હતા. તેવણની દીકરી મીઠાં એક ખરેખરી ખુબસુરત સ્ત્રી હતી. વાંચનાંર એક ખરી ખુબસુરતીને તું તારા મનમાં શું ચીતારવા પડી ગયો? પતલી, ઉંચી, સફેદ ચામડીની, કચરયાલા બાલની અને જીનાં અણીયાલા ઘટમઘાટની નહીં વારૂં? નાં, તેણીની ખુબસુરતી તું વીચારે છે તે ખુબસુરતીને ટક્કર મારે તેવી, કાંઈક જુદીજ કીસમની યાને વધારે ઉમદા ખુબસુરતી હતી. શું તે નરમાસ ભર્યો અને સંતોષી ચેહેરો, શું તે મીઠાશથી ભરેલું બોલવાનું અને માયાથી ભરેલું હસવાનું, શું તેણીની અદબઅદા, આહ! કેવો

તેણીની મોટી ચમક ચમક થતી આંખોમાં દયાનો ઝરો પ્રકાશે છે. ટુંકમાં તેણી પોતાના 'મોઠાં' નાંઝુમેં છાજતી એક મનોહર મીઠી મંધુરી હતી. પણ તેણીના ચેહેરો બારીકીથી જોતાં તેમાં કાંઈક ગમીનો છાપ દીસે છે. કાં વારૂં? તેણી કે જે ગાંડી ઘોડે ફરે છે, વાડી બંગલે રહે છે, તથા સારાં સારાં કપડાં પેહેરે છે; તેણીને ઘણીક બાનુઓના વીચાર પ્રમાણે હવે બીજું કેવુંએક સુખ જોઇયે વારૂં! તેણીનો પીતા તેણી પર ઘણું વાહાલ રાખે છે. લાડકાં નામે તેણીને 'મીઠી શાકર' કરી બોલાવે છે; પણ એક ભલી માવતરની પ્યાર ભરી સંભાલ વનાનાં દુઃખથી તેણી પીડાય છે. આજે તેણીની શાલગરી છે. સોલ વરસ પુરાં થઇ તેણીને સતરમું વરસ બેઠું છે અને તેજ દીને તેણી કાંઈક વધુ દુઃખી છે. તેણીએ આજે એક વાત સાંભલી છે જેથી તેણીનું ચીત ચકભમ થયું છે. તેણીને થોડા વખતમાં પોતાની કાકી રોશનબાનુના જુલમ તથા પીતરાઈ પરીચેહેર બાનુનાં તીરસ્કાર સાથ એક બીજો બોજો ખમતા કમર કસવી છે. સર્વેજણાં દીવાનખાનામાં એકઠાં થયલાં છે, તેટલાં કાવસજી માસ્ટરનાં ભોજાઈ રોશનબાનું બોલ્યાં,

"કેમ, કાવસજી ભાઈજી, તમો ક્યારે રૂપ્યા પેહે-રવાં માંગેછ જો. મારી મામાની દીકરી પરીદોખ્ત બાનું બિચારી કેટલો વખત થોભસે જો. હવે તો આવતી ચાંદરસને 'રૂપ્યા પેહેરવામો ત્રિચાર છે' તે ફેસ્યતા નાં જો. હવે તમારી દીકરીનો ઉઠાવ થયો એનો શું ઉઠાવ થતોતો. એકતો મારા જેવી ખુબ સુરત પડીતે. મારી પરીને તો બારમે હીસ્સેબી નહીં આવે."

"કાં બેન, એમ શું બોલોછ જો વાંરૂ! એને શું છે! આવો મજાનો ઘટમઘાટનો ચેહેરો છે. બસ તમો બઇરાંઓને તો જરા ચામડી સફેદ હોય એટલે આખાં ગામની ખુબસુરતી તેમાંજ સમાઇ જાય! ને એનામાં સલુકસોજ કેવાં સારાં છે. એ તો મારી મીઠી શાકર છે. બીજું રેશનબાનું તમારાં પરીદોખ્તબાનુને હું કાંઈ તે નામે નથી બોલાવાનો જો. એકનો ઘરમાં તમારી સુંદર પરી છે ને વલી તેમાં મારી પરીને કયાં ઉમેરૂં! હું તો બા મારાં બેહેસ્તન માયનાં સાદાં અને પ્યારાં નાજાંનાં નામે તેણીને બોલાવીશ."

"હોશે, પરી નામ નહી ગમતું તો રહ્યું. તમોને ગમે તો નાંજાં કહેજો ને ગમે તો ખાંજાંજ

કહેજોની. બહ્વા જાણે બધું ખાવાનુંજ કેમ યાદ આવેછ. એકતો શાકર ને બતાસો તો વુલી ઘરમાં છે ને હેમાં ખાજાં ઉમેરાશે." રોશનબાનું છેડાઈ પડયાં.

આહે! આટ ફટકો શું ઓછો છે! તું બાગે જ તેણીપર આટલું હેત રાખે છે છતાં આટલી અગત્યની બાત આંટલો વખતવેર તેણીથી છુપી રાખી! તેણીનું કુમેલું મગજ ચકભમ નહીં થાય તો બીજું શું થાય! પણ નહીં. આપણને ગરીબ બિચારા કાવસજી માસ્ટરને ઈનસાફ આપવા દેવો. પોતાનાં ભલા અને શરમાલ સ્વભાવને લીધે એ વાત પોતાની દીકરી આગલ ઘણું આગમચથી કહેવાની તેવણની છાતી ચાલી નહિ હતી તોપણ તેવણ આજ કાલ તે વાત જણાવી દેવા માટે હીંમત એકઠી કરી શકયાં હતા. તેટલાંજ રોશનબાનુંએ મીઠાંની હાજરીમાં તે કહી દીધી. ગરીબ ભોલા કાવસજી! તેવણ ભુલ્યા, શું તેવણની બેટી એટલી નાદાન હતી કે પોતાનાં બાપને તેની મરજી પ્રમાંણે ફરીથી સુખી થતો જોવા ન ઈચ્છતે? તેવંણ જો તેણીને ધીરેથી કહેને તો હમેશાં જે અચબુચ ફટકો તેણીને પડયો તે નહીં

પડતે. તેવણ પેહલાં બીજી બાઈરી કરવાની વીરૂધ હતા. એક ઉમરે પુગેલી બેટી માટે એક સાવકી માતા લાવવા તેવણનો જીવ ચાહ્યો નહીં, પણ યાતો પોતાની ભોંજાઈની ચાલુ સમજાવતથી હોય, યાતો ભલી નાંજા (પરીદોખ્ત બાનુને આપણે હવે નાંજાનાં નાંમથીજ ઓલખીશું)ની ભલમનસાઇથી તેવણ ઉપર અસર થઇ હોય, યાતો ગમે તે કારણે તેવણનો વિચાર ફેરવાયો હોય તે સાથ આપણને કામ નથી, પણ એટલું તો ખરૂં કે તેવણ બીજીવાર પરણવાં કબુલ થયા. મીઠાંએ એ વાત સાંભલ્યા પછી શું કીધું? તેણીએ તે દિવસ કેમ પસાર કીધો? ઉપલી વાત પછી તેણી રડવાનું થોભાવી પોતાનાં ઓરડામાં ભરાઇ અને દીલો ભરાઈ આવ્યો હતો તે ખાલી કીધો. તેણીનો રડમસ ચેહેરો જોતાંજ ભલા કાવસજી તેણીની પુઠે તેણીનાં ઓરડામાં ગયા ને પોતાની ભુલ કબુલ કીધી, ત્યારે શું તેણીએ પોતાનાં બાપને તેની ભુલ માટે તાણાજાનીથી વીંધી નાંખ્યો? યાતો ઘરમાં મોટું ગોધ્યારૂં કરી મુકયું? નાં નહિ, તેમાંનું કશુંએ નહિ. પેહેલો ફટકો પસાર થઇ જવા પછી તેણીએ મન સમાધાંન કરી વિચાર

કીધા ને તે ડાહી છોકરીને માલમ પડયું કે તેણી જો તે સાવકી માતાને એક પોતાની માંહેર દાખલ ગણશે ને વાહાલ કરશે અને તે માતા જો ભલી હશે, તો તેણીએ ફ્કર કરવા જેવું કશું નથી. હેત સંપથી તેઓનું કુટુંબ ખુશ ખુશાલ રહી શકશે, પણ તેથી ઉલટું જો સાવકી મા તરફ તેણી એક નાદાન છોકરી માફક અદેખાઈથી જોશે તો, માનું હેત જીતી લેવાને બદલે કુટુંબમાં કલેશ થઈ સંતાપ ઉતપન થશે. આટલી અગત્યની વાત અગાઉથી નંહીં જણાવાની બાપની નબલાઈ તેણીએ ધીમેથી ને પ્યારથી પોતાનાં બાપને બતાવી. ને તે પણ સમજયો કે તેને તે બીચારી બાળાને સખત ફટકો માર્યો હતો. પણ અંતે તેઓ પ્યારથી એક બીજાને મલી ભેટી તે દિવસ માટે સંતોષી ચેહેરે છુટાં પડયાં. કાવસજી બાહાર ગયાપછી મીઠાંએ પોતાનાં દુઃખમાં ખોદાની મદદ માંગી અને બંદગી કર્યા પછી તેણીનું મન ઘણે દરજજે સમાધાન થયું. પણ તે છતાં તેણીનું ધ્યાન બીજાં કામકાજ પર ન લાગવાથી તેણી 'ધર્મનીતી' લઈને બેઠી. એમ અવારનવાર તેમાંથી નસીયતો વાંચવા તેણીને ઘણી ગમતી હતી. પાનું ઉઘાડતાંજ જાણે તેણીની

ઈચ્છાને કુદરતી ટેકો મળતો હોય તેમ 'સંપથી થતા ફાયદા'વાળી બાબદ હાથ આવી, ને તેણી તે ઘણા ધ્યાંનથી ને મનમાં ઠરાવ કરીને વાંચતી ગઇ કે પોતાનાં બાપનું ઘર કોઇ રીતે કુસંપથી અસુખી ન બનાવતાં તે નવી માદર સાથ તેણી હલીમલીને દિવસો ગુજારશે એમ વીચારતાં સંતોષી ચેહેરે વાંચવાનું બાજુ મુકી તેણી ઉઠી તેટલાં રામો મસાલ તેની દયાલુ બાઈ પાસે આવ્યો ને બોલવા લાગ્યો "બાઈ, મારી છોકરી એકાએક માંદી થઇ છે તે કાંઈબી દવા આપો, એની પેલી સાવકી માં તો જરા ઝાંખીને જોતીબી નથી ને બીચારીને બહુ સંતાપે." તરત તેણી માણસોની કોટડીઓ તરફ કાંઈ ઘરગતુ દવા લઇને દોડીને તે મસાલની ગરીબ બાપડી પોતાનાં જેવીજ મા વગરની છોકરીની સારવાર કરવામાં અને તેણીને દીલાસો દેવામાં પોતાનું દુઃખ ભુલી ગઈ. તેણી વીચારવા લાગી કે અરે અરે આ બીચારી છોકરી પોતાની સાવકી માયનો કેટલો જુલમ મુગે મોઢે સોસે છે! જ્યારે હું કેટલી અસંતોષી કે વીનાં કારણે અગાઉથી એમ દુઃખ હોરી લઉછું. સાંજમાં છ વાગા અને તે છોકરીની હાલતમાં ઘણો સારો

ફરક પડેલો જોઈ, તેણી બાગમાંથી થઇને બંગ-લામાં જતી હતી તેટલાં દરવાજાપર પોતાનાં બાપની ગાડી આવેલી જોઈ તેણી તરત ત્યાં દોડી. આજે તેણી પોતાનાં બાપ માટે અધીરી પડી ગઇ હતી: કાવસજી માસ્ટર પણ અતીશે હેતથી તેણીની તરફ આવ્યા. તેઓ ભેટયાં; અને હાથમાં હાથ ભેરવીને બાગમાંથી ચાલ્યાં. તેણીનો થાકેલો ચેહેરો જોઈ કાવસજીએ પુછયું "કેમ દીકરા આજે તું તૈયાર નથી? ફરવા નહીં આવતી કે? મારી સાથ રૂસઈછ કે?"

"અરે નહીંરે પપા એમ શું બોલોછ જો. રૂસાય શાનું જો! આપણા ઘરમાં એવું કજીયો કંકાસ ને રૂસાવાનું ખોદા નહીં બતાવે."

"જો દીકરા તારી નાજામાય ખરેખર એક હીરો છે હીરો. તું એ તારી નવી માય સાથ થોડો વખત રહેશે તો તુંને જરૂર તેવણ ગમશે: તું કાંઈબી વાતનો અંદેશો નાં કરતી દીકરી."

"બાવાજી, હું શું એવણને ઓલખતી નહીં?. મુનેબી એવણ ઘણાં ગમે છે."

તે અંધે. બાપબેટી બાગમાં ફરતાં ફરતાં એક બાંજટપર જઈ ગોઠવાયાં.

"બાવાજી, આજે તો આપણા રામાની છોકરી ગંગાબીચારી સીક થઈ ગઇ હતી, તેણીની આર-વારમાં હું રોકાઈ તે વખત કેમ નીકલી ગયો તે જણાયો નહિં." મીઠાં બોલી.

"મારી ડાહી દીકરી ગરીબોની દાઝ એમજ હૈયે ધરજે." બીજી ત્રીજી વાતો કરી તેઓ બુંગલામાં જવા ઉઠયાં. તેટલામાં કાવસજીનાં ભાઇ રતનશાની છોકરી પરીચેહેરબાનું ધમધમ ચાલતાં હાથમાં ચોપડીઓના ચોડા સાથ આવ્યાં. આપણે હવે પરીચેહેરબાનુંની ઓલખ લઇયે. તેણી, તેણીની માતા રોશનબાનુંને મનથીં પરી જેવાં સ્વરૂપની, ઇંગ્રેજી શીખીને છલકાઇ તથા તવાઇ ગયલી એક હાડપીંજર માત્ર હતી. તેણીએ મેત્રીકયુલેશન પસાર કીધી હતી, માટે ઘરમાં ઘણો રોબ કરતી હતી. અને હવે તેણી પ્રીવીયસમાં જનાર હોવાથી તેણીનો ભાવ દસ ઘણો વૃધ્યો હતો. તેણીની માંતા કોઇબી કાજ કરવાવાંલાને કહેતી કે બાં મારી દીકરીએ તો 'માતીકુશન' પાસ કીધેલી તે

ઓછામાં ઓછાં રૂ૧૫૦૦) નો પગાર કમાનારો વર તો જોઇયેજ જોઈએ. પણ હવે તો આપણાં પરીચેહેરબાનું એક ડોગ્રી ચઢશે, તેમ વરનાં પગારમાં પણ શેંકડે વધશે, એટલે રૂ૦ ૨૫૦)નો પગાર કમાનારા વર વગર છુટકજ નહિં. તેણીએ આવતાં વાર 'કેમ કાકાજી' કરી જેમ બને તેમ જીનો સાદ કાઢી પુછ્યું અને મીઠી મીઠાનો મીઠાસ જાણે પોતાને વલગતો હોય તેમ તેણી તરફ જોયા વૃટીક વગર કાંકાની સાઇડે ચાલવા માંડયું.

"કેમ; કાંઈ કહેવોછે માય?" કાકાજીએ અજબ થઈ પુછ્યું. પરીચેહેરબાનું હાસહુસ કરી રૂમાલ હવામાં એમથી તેમ ઉડારી બોલ્યાં "કાંઈ નહીંરે જરા અમથું ગામસીમની ખબર પુછતી હતી. કેહેજ ચોકસીની ચાંદનનું કારજં ભાગી પડશે ને પેલા કાવસને તો તેની બઇરી સાથ છુટા છેડા......" "માય તેનું આપણને શું? કોહુના ધરની વાત આપણને શું માલમ! ખોદા સઉને સારૂં કરે. એમ નીંદા નહીં કર્યે માય" કાવસજી બોલ્યા.

પરીચેહેરબાનું ફજેત પડી જઈ વાત ફેરવી નાંખી બોલી, "મરે હવે. મુઈ મરિક્ષા આવી

લાગી છે તે ઘણું વાંચવું પડવાનું. શું કર્યે, કેઠે જવા આવવાનો વખતબી નહિ મલશે. ઘરમાં ગોધાઈ રહેવું પડશે."

"શું કરવા એમ ગોધાઈ રહેવું જોઈએ? સાંજને છેડે ફરવાં જાવો તો તનદરોસ્તી મેલવવા ઉપરાંત વાંચવા માટે નવું જોર ઉમેરાશે." કાવસજી બોલ્યા.

તેઓ હવે બંગલામાં આંવી પોંહોંચ્યાં અને છુટાં પડયાં.

પ્રીવીયસની પરિક્ષાની આગલી રાતે પરીચેહેરઆનું ઉરફે પ્રીવ્યસ રાતનાં એક વાગાવેર માથું ઝીકી બીજાંઓની ઉંઘ લઈ ચાર વાગામાં 'એલારમ'નાં સાદે ચોંકી ભુસકા મારી ઉઠયાં.

"મરેરે મુવું એવું શીખવાનું ને કેલવાવાનું. કેવો મજાનો સ્વપનો જોતી હતી કે જાણેકે એક સીવીલ સરવંટે મારૂં માગું મોકલ્યું ને......ચાલો માયજી, કાફી કરો, જલદી પીવું તો કાંઈ વંચાય. સમજ્યાંકે?" વલી નવવાગે પાછી ધાંધલ થઈ. માયજી તરકારીવાલા સાથ રકઝીક કરતાં હતાં, "મુવા ઉભો રહે, મારી પાસે કાલે ગાજરનાં વધતાં પૈસા લઈ ગયો. એં તનદમરી તારી પાસે નહીં

કઢાઉ તો હું ખરી. પાસેનાં શીરીનબાઈએ કહ્યું ત્યારે મેં તો જાણ્યું." "અરે પણ બાઈ. જરા મારો ખોલ્લાસો સમજો તો ખરાં, પછી........."

"ચાલ્લ મુગો રહે મુવા, સામું નાં બોલ, નહીં તો દાદર પરથી ગબડાવી દેવશ. સમજ્યો!" તેટલાં પરીચેહેરબાનું ધાંધલ કરતાં આવી લાગ્યાં. "ચાલો જાઉંછ." "માય કઆં સધાવેછ જો." માંયજીએ પુછ્યું. "હજીતો પુછોછ કયાંતે! વલ્લી કયાં જાય? પ્રીવીયસ થવા જાઉંછ, એટલુંબી નહીં સમજતાં. જરા હુશીયારી પકડો હુશીયારી"

"તો લેરે બધી હુશયારી તારામાજ ભરાઈ ગઇ છેની. ઉભી રહે. તુંને શરમ નહીં આવતી" કરી માયજી સપાટ લઇ ઉઠયાં. તરકારીવાલો, બીજા નોકરો બધાનાં ખીખીખાખા વચ્ચે આપણાં પરીચેહેરબાનું નાઠાં.

મીઠી મીઠાં આ ફાર્સ જોઇ તરત લેલા કાંઈક રમુજ પામી પણ બીજી પલે દલગીરી સાથઅંદેશો કરવા પડી કે શું કેલવણી આવી તુંદાઈ અને તંકાબરી શીખવે છે! પણ તેણીને પેલી જાણીતી કહેવત તુરત યાદ આવી ગઈ કે 'અધુરો ધડો છલકાય ઘણો.'

પ્રકરણ ૩જું.

કાવસંજી માસ્ટરના લગન.

વરલીનાં એક એકાંત બંગલામાં આજે કાંઇ ખુશીખુરમી હોય તેવું જણાય છે. એ શું છે? રસ્તામાંથી પસાર થતું દરેક જણ ખુશાલીથી અંદર નજર ફેંકે છે. થોડાક ધંધાવગરના રાહાદારીઓ રસ્તામાં અને કમપાઉન્ડમાં ભેગા મલ્યા છે. અંદરથી પીઆનાનો મધુર સરોદ આવે છે. થોડેવારે કેટલાકોનાં ટેસ્ટને એ 'ટીમટામ', પડેછે તો તરત હારમોનીયમપર ગીતો ચલાવાની હીમાયત કરે છે. કેટલાક આલસુઓ જાણે ઉધાતા હોય તેમ મન જાંણે કે હારમોનીયમપર ગાયણ ગાવા બેસે છે. રાહાદારીઓ એવો એકનો એક સ્વર કાંને પડતાં કંટાલીને ચાલી જાય છે. ભુલકાંઓ પણ જાંણે કંટલાઈ ગયાં હોય તેમ દોડાદોડી કરી દાદરપરથી ભુસકા મારતાં બાહાર આવે છે, તેટલાં બારીઓથી ધરતીકંપનો ધડાકો થયો હોય તેમ કાઈ બોલતું સંભલાય છે.

"અરે એઈ ગધેડા! સમજેછ કે! તપાસીને પગ મુક. મુવા જોયછ કે બધા ચોક ભુસરાઇ

જાયછ તે! મુવાંને કુહડો મારીને આવતાં શું દુઃખ થાય છે?" વાંચનાર! તું આ બોલવાની ઢબ પરથી એ કોણ બોલનાર તે અટકલી શકયો કે? નહીં? એ બોલંનાર આપણે આગલાં પ્રકરણમાં જોઇ આવેલાં ભલમનસાઇ નોંધપણથી થીખેલાં બાનું રોશન હતાં. એક ગરીબ માણસને, લાલ, પીલી, લીલી ચોકની કચુંબર પરથી અભણપણાથી વેહેમને લીધે ચોક ભુસરાય તો અપશુકન દાખલ ગણી ભુસકો મરાવતાં. તેવણ એમજ સમજતાં કે ગરીબ માણસને લાગણી શાંની હોય? તેઓને ભલમનસાઈથી શાંનુ કહેવું જોઇએ? ગરીબોને કાંઈ દુઃખ લાગે નહીં. ભુલ છે, બાનું રોશન, તમારી ભુલ છે. સર્વે ખોદાનાં બંદાઓ છૈયે; પણ કોઈ-પાસ ચલકતી ચાઈચાઈ છે તોં કોઇ પાસે તે નથી; બાકી લાગણી તો સઉ પાસે છે. પણ તેવણ અહીં કયાંથી? તેવણનું તે મહીરૂં છે.. આજ તેવણની મામાની દીકરી નાંજાં (પરીદોખ્ત બાનું) નાં કાવસજી માસ્ટર સાથ લગન થનાર છે. કન્યા નાંજાંની આપણે કાંઈક ઓલખ લઈયે. તેણી અતીશ્ય સાલેસ, અને માયાળુ સ્વભાવની આશરે ત્રીસ બત્રીસ વર્ષની નાર છે. તેણીની માતા ડોસી-

બાઇ, જેવણ ઘણાં રાંક હતાં, તેવણનાં, પોતાની દીકરીને કોઈ ઘણે મોટે ઘર પરણાવાનાં લોભને લીધે, તેણી હજી કુંવારીજ રહી ગઇ હતી. નાંજાનો બાપ એક કુટુંબી આફત, પછી થોડા વખતમાં મરણ પારયો હતો. એ બે મા દીકરી ઉપરાંત ઘરમાં નાંજાનાં ફુઈ પીરોજબાઇ (રોશનબાનુંનાં માતા) પણ હતાં. પીરોજબાઈને પોતાનો ગરીબ ધણી પસંદ ન પડવાથી પોતાનાં પૈસાવાલા ભાઇને ત્યાં રોશનબાનું સાત વર્ષની હતી ત્યારથી આવી વસ્યાં હતાં. આપણે રોશનબાનુંને થોડાં ઓલખી ચુકાં છૈયે. તેણીની માતા પણ તેણી જેવીજ અભણ, વહેમી, અને તુંદાઇ તકોબરી ખોરી હતી. ફરક માત્ર એટલો કે જ્યારે પીરોજબાઈ ખારીલાં હતાં ત્યારે રોશનબાનુંમાં તે દુર્ગુણ ન હતો. પીરોજબાઈ પોતાનાં ભાઈનાં મકાંનમાં આવી રહ્યા પછી, પોતાનાં રાંક ભોજાઈ દોસીબાઈ, જેવણ એક આબરૂદાર પણ ગરીબ કુટુંબનાં હતાં, તેવણને તેવણની ગરીબાઈ માટે હીણતાં હતાં. પીરોજબાઇનાં નાંકમાં પોતાની ભોજાઇની ગરીબાઈની ગંધ ભરાઈ જતી હોવાથી, હર બાહાણે તેણીને સતાવતાં.

રેશનબાનું પોતાને મહીરે પોતાની માસાના દીકરી નાજાનાં લગન આવા પંદર દિવસ આગમજથી પોતાનું ઘર છોડી આવ્યાં હતાં; લગનને દીને તેવંણ સકારાં ઉઠી, નવાં કપડાં સજી, કારભાર કરવા માટે ગુંથાયલાં હતાં. પણ થોડે થોડે વારે ખીજાઇ ઉઠતાં હતાં, કારણકે તેવંણે આ શુભ પ્રસંગ માટે શીવાડેલું બુદીઆંન દરજી હજી લાવ્યો ન હતો. 'મરે શું થયું ? સવારનાં પોહોરમાં લાવવાનો હતો, ને નવ વાગી ગયા તોભી નહીં લાવી મરતો! મુવા દરજીઓનાં તોઆંણે કાંઇ રાજ ચાલે છ, એ લોકો કાંઈ વાયદા તોડે છ, કાંઈ વાયદા તોડેછ.' કરી બબડી તેવણ હરઘડીએ બારીએ ડોકાવતાં. અંતે એક વાગો, બે વાગા, પણ હજી તેવણનું માનીતું બદીઆંન ન આવ્યું. વલી બારીએથી તેવણે ડોકાવ્યું ; તેટલાં તેવણનાં ધણી રતનશા આવતા દીસ્યા. તરત ભુસકો મારીને તેવણ બાગમાં દોડયાં. રેશનબાનુંને દૂરથી હોંસભેર દોડી આવતાં જોઈને રતનશા બાપડા ફાટેલા દાડમની માફક દાંતુ વકાસતા સામાં આવ્યા. તેવણ ઘણા ખુશી થઇ ગયા કે 'વાહ એક પતીલી બઇરી માફક મારી રેશન મને આજે હરખબર લેવા દોડી આવી ખરી.'

"રતનશા બધી મરી જાઉં, મુવો પેલો દરજી હજુ બદીઆંન નથી લાવ્યો, તેને ખખરાવીને લઈ આવો. મેં રામાને લેવા મોકલ્યો તે તેને નહીં આવ્યું. મુવાને મેં કહ્યું હતું કે ઘણું ઉતાવળનું શીવવાનું છે, તે બે દાહાડામાં લઈ આવજે, તે મને કહેજે 'વારૂ', ને આજે મને રવડાવી."

"પણ હું 'અસનો હમણાં આવ્યો તે તારા ઘરમાં જરા મને બેસાડતો ખરી. જરા થાકનો ખાવાદે." રતનશા બોલ્યા.

"પણ હમણાં ઓય કરતું કે સાજન ભરાશે પછી હું તૈયાર કયારે થવશ જો. તમેબી એમ શું કરોછ."

"તારૂં પેલું નવું બદીઆંન છે કેની. તેનું બીલ મેં થોડા દિવસપરજ ચુકવ્યું, તે પેહેરની તે મજાનું છે, ડીઅર."

"તમોને બઈરાંની વચમાં તે કેવું બોલવાનું. તમેં શું સમજોજ. તે ફાશીન તો હવે જુની થઈ ગઈ."

"પણ ડીયર ફાશીન શું, જે આપણને દીપે તે ફેશન. હું તો તુંને ખરૂં કહુંછ કે તું

ઠીંગણી ને ડાંગી.છે ને બદીઆંનની બોંહે ધણી 'લુસ'.કરાવેછ તે તુંને નહીં શોભતીહું રતનશા હીંમત કરી બોલ્યા.

"ડાંગી ને ઠીંગણી છેઉ.તો શું માથું ફોરવા પરણ્યા. તમે વલી કયા પતલા ને ઉંચા છેવોં. ચાલો જવુંછ કે નહિ ? નહીં જવું હોય તો.નાં કહો."

"એમ વરની સાથે વાત કરવાની રીત છે ? જો પેલાં માંણસો બધું સમજતાં હશે. તેનુંગો તુંને ભાન નથી ડીયર."

ડીયર, જેઠ કાંઇ હું સમજતી નથી. રોશ-નબાનું ગુસ્સાભર અંદર ચાલી ગયાં. વધું ગુમઍસ ન લાગે માટે બીચારા રતનશા દરવાજાપરથી વીકટોરીયા જતી હતી તે બોલાવી દરજીને ત્યાં હંકરાવી ગયા. ગરીબ બીચારા ! તેવણનું કાંઇ ચાલતું નહિ.

પ્રકરણ ૪ થું

કેળવણી માટે શાવકની કાળજી.

શાવકને કાવસજી માસ્તરને ત્યાં શીખતો આપણે છોડી આવ્યાં છૈયે. તેવણની કાલજી અને મેહેનતથી શાવક પોતાનાં અભ્યાસમાં દીન ઉગ્રત વધારો કરતોજ ગયો. છેલ્લો થોડાક વખત થયો તે મસાલની ચાકરીપર નહતો. કાવસજી માસ્તરની ભલામનથી તેને લાઇબ્રેરીયન બનાવ્યો હતો. એમ ચોપડીઓનાં સમાગમમાં આવ્યાથી તેને વાંચવાની અને અભ્યાસ કરવાની વધુ ઉલટ થતી ગઈ. તે જાતે અતી ચંચલ હતો. સ્કુલમાં પોતાનું કામ ખલાસ કીધા પછી ફુરસદનો વખત ધ્યાનથી અભ્યાસ કરવામાં તે રોકતો હતો. સ્કુલનાં કેટલાક ચીબાવલા છોકરાંઓની મશકરીની દરકાર કર્યા વગર હિંમતથી અને ધીરજથી રોશનબાનુંનાં ઓલાદમાં તેને માતીકુશન પસાર કીધી. હવે રોશન બાનુંને મનથી શાવકનો ભાવ કાંઈક ચઢયો હતો. પણ તેણી અજબ થતી કે એસ ટૂમ, શાવકે 'માતીકુશન' પાસ કીધી તે છતાં પરીચેહેરબાનુંની માફક રોબ કેમ કસતો નથી ! અગાઉ જ્યારે

શાવક, કાવસજી માસ્ટર આગલ એક ગરીબ છોકરા દાખલ, ઇંગ્રેજી બીજી ત્રીજી ચોપડી શીખતો હતો ત્યારે બાનુઓ રોશન તથા પરીચેહેર તરફથી ઘણાં અપમાનો શાંખતો હતો; જ્યારે મીઠાં તેને સભ્યતાથી આવકાર આપતી હતી કે ગરીબ થયાં તો શું થયું એને માણસ નહીં? તેણીને તેની ભલી માતાએ નાધપણમાં શીખવ્યું હતું કે દરેક માણસની લાગણી સરખી હોય છે માટે કોઇનેબી કાંઇ અપમાન કરવા આગમજ આપણને પોતાને તે માણસની જગાપર મુકી વીચારવું કે કોઈ એજ પ્રમાંણે આપણી સાથ વર્તે તો આપણને કેવું લાગે! તે શીખામણ તેણી હમેશ યાદ રાખી તે પ્રમાંણે ચાલતી હતી.

શાવકની માતા દરેક વાંતે સમજુ હતી પણ તેણીનાં વિચારો કેટલાક અસલી હતા. જેમ જેમ શાવક કેળવણી લેતો ગયો તેમ તેમ તેને પોતાની એકપુરી બેહેનનાં અજ્ઞાંનપણા માટે ઘણો ગંભીર ખ્યાલ થતો ગયો. તે કાવસજી માસ્ટરને ત્યાં શીખવા જતો હતો ત્યારે રોશનબાનું સાથ સમાગમમાં આવતાં તેણીના અભણપણાથી કટલી હદસુધી ખરાબી થઇ શકે છે તે જ્યારે ગરીબ

બિચારા રતનશાહનાં બાબમાં ખરૂં પડેલું જોતો, ત્યારે તે પોતાની બેનને શીખવવા માટે વધુને વધુ આતુર બનતો ગયો. પણ તેની માતાને તે વિચાર ઝાઝો પસંદ નહિ પડયો કે છોકરીની જાત આટલી મોટી ઉમરની થઇને હવે કેમ શીખવા મોકલું! ને રૂપબાઈ મોટી થવાથી નીચલા વર્ગમાં બેસતાં શરમાતી હતી. પણ શાવકને પોતાની બેહેનનું અભણપણું ન ગમતું અને તે વાહાલી બેન ખરકીમાં બેસીને ચોક્કસ દિવસોપર તાહેલાં માર્યા કરે તેનો તેને ઘણો અભાવ હતો. કાંઈબી શીખેલી હોય તો કાંઇબી સારી વાંતચીતથી પોતાનો વખત પસાર કરે યાનો ગુઠણકામ કરીને કાંઇ ધંધો કરી શકે. એક મહીને શાવકે ચોક્કસ ઠરાવ કીધો કે ઉપર આવતાં જતાં જોવું કે બેન નીચે બેઠીબેઠી શું કરેછે. તેને પોંતાની બેહેનને માથાવેરથી ઓઢીને ઘરર ઘરર ઉંઘ ખેંચી કાઢતી અવારનવાર જોઈ. આથી તેને ઘણું લાગી આવ્યું કે બઇરાંઓ શી રીતે અમુલ્ય વખત બરબાદ કરે છે! આ ઉપરથી તેણે ઘરમાં નાનું સરખું રમખાણું જગાડયું. રમખાણ બોલ એ ભલા જવાન માટે લાગુ પાડવો ન જોઇએ, પણ તેણે જ્યારે પોતાની માતા આગળ

દરેક સમજાવત રંદ ગયલી જોઈ ત્યારે તુને લગાર ગભીરપણે અને મક્કમ અવાજે પોતાનો ઠરાવ માતાને કહ્યો. બચ્ચાંઓને અમથા રાજી રાખવા માટે દરેક બાબદમાં હાજી હા કરનારી તે માતા નહોતી: પણ આ વખતે તેણીને લાગ્યું કે શાવક ખરો છે અને બીજું તે માતા જાણતી કે જયારે શાવક કાંઈ ભલો ઠરાવ કરતો ત્યારે ગમે એવી મુશકેલીઓ છતાં હઠતો નહિ; માટે તેણી રૂપઇને શીખવવા મોકલવા અંતે તૈયાર થઈ.

"ઘર બદલવા માટે પણ તમોએ એમ જીદ કીધી હતી." શાવક બોલ્યો, "કે અહીં સોહોવાસ પડી ગયાથી બીજે કેઠે નહિ આવું ને સસતાં ભાડાની ચેહેલીપર આવતાં તમો અચકાતાં હતાં પણ તમો મારી સમજાવતથી અત્રે આવ્યાં છો તો આપણે કેટલાં સુખી છૈયે ને. ખોદાની મેહેરબાનીથી તાજી હવા દમમાં લઈ તનદરોસ્તી ભોગવ્યે છૈયે."

"આ હા દીકરા સાવઝા, એ તેં કહ્યું તે તો ખરૂં, આપણે કોણ જાણે. પેલી ગલીમાં કેમ કરતે. બિચારા કાવસજી આસ્ટરનાં નાઝમાય પરથી મરૂં

તે તેવણે ભલામણની ચીઠી લખી આપી તે એટલાં આપણે આ ચેહેલીપર ગોઠવઈ ગયાં જો."

"અરે પણ કેટલાં કેટલાં બિચારાં જગાં મેલવવા માટે આતુર છે તેઓને માટે જગાજ કયાં છે જે! હજુ એવી કેટલી ચેહેલીઓ સુખી પૈસાવાલાઓ બંધાવી આપે તોબી ગરીબો અને વચલે વાંધેનાં લોકોને પુરી પડે નહિ એટલી આપણી કોમમાં ગરીબાઈ છે."

પ્રકરણ ૫ મુ

રૂસતમજી દારૂવાલા.

આપણે શીવકની હાલત થોડીઘણી સુધરેલ ઉપલા પ્રકરણમાં જોઈ આવ્યાં છીયે. મેત્રીકયુલેશનની પરિક્ષાનાં પરીણાંમ પછી તેનો ઘણી મરજી હતી કે આગલ અભ્યાસ ચલાવે પણ પાસે જોગવાઇ નહિ. એક દિવસ તે ન્યુસપેપર વાંચતો બેઠો છે તેટલાં તેમાંની એક જાહેર ખબર પર તેની નજર પડી. તે જે સ્કુલમાં ચાકુરી હતો ત્યાંજ એક નિચલા કુલાસમાં એક મેત્રીકયુલેટ થયલો શીક્ષક જોઈતો હતો. 'આહ કેવું મજાનું! મને એ જગા મલે તો'! તે મનસે પટપટયો 'હમણાં મારી લાઇબ્રેરીયનની ચાકરી, કે જેને માટે મારે શરમાવું તો નહિ જોઈએ, કારણ કે એક માણસ કોઇબી રીતે પણ આબરૂથી પોતાનું ગુજરાન કરે એટલે બસ; પણ હું જે થોડુંબી જ્ઞાન મેલવવા પામ્યો તેને હું કોઈપણ રીતે ઉપયોગમાં લઉં તો કેવું સારૂં!' તે ઉઠયો. કાવસજી માસ્ટર કે જેવણ સ્કુલમાં હમણાં હેડ માસ્ટર થયા હતા તેવણને ત્યાં—પોતાનાં માનીતાં મકાનમાં—જવા માંટે તેણે ગ્રાંટરોડ તરફનો રસ્તો લીધો. કાવસજી માસ્ટર હમણાં ઘણાં

સુખથી પોતાનાં ધણીઆણી નાંજા, બેટી મીઠાં તથાં લડકા નાધલા ખુંચા દોસી સાથ ખુશ-ખુશાલ રહેતા હતા. તેવણુની નાંજા ખેરેજ ફરેસ્તા ખસલતની બાર હતી. તેઓ તરતનાં હવાફેર માટે પુને જઈ પોતાને મકાને પાછાં આવ્યાં હતાં. શાવકે જેવી અહીં મેત્રીક્યુલેશન પંસાર કીધી, તેવી પોતાનાં મુરંબી સમાંન કાવસજી માસ્ટર, કે જેવણુની મેહેનતથી તે ફતેહ પામ્યો હતો, તેવણુ પર પુને કાગલ લખ્યું હતું તેમાં કાવસજીએ તેને સધ્યારો આપ્યો હતો કે જો તેની મરજી આગલ અભ્યાસ કરવાની હશે તો તેવણુ જરૂર તેને મદદ કરશે, પણ શાવકને પોતાથી જ્યાં સુધી બને ત્યાં સુધી તો કોઈનાં ઉપકારમાં જવા ન ગમતું, માટે સ્કુલ માસ્તરની જગા મેલવવાની ઉમેદવારી માટે આપણે તેને કાવસજી માસ્તરનાં ઘર આગલ જતો જોયો છે. તે બંગલે આવી પુગ્યો તેની થોડાકવાર આગમજ કાવસજી તથા તેવણુનું કુટુંબ બાહાર ગામથી આવી પુગેલું હતું. શાવક એમ તેઓને કામમાં રોકતે નહીં, પણ કાવસજીએ શાવકને પોતાનો મુંબાઈ આવવાનો દિવસ/આગમજનો જણાવ્યો હતો પણ તેઓ ન ધારેલાં પુનામાં થોડા દિવસ થોભી ગયાં હતાં.

સેશનબાનું શાવકને બારણા આગલ મલ્યાં. "બા. કાવસજીભઈ તો હજુ હમણાંજ બાહાર ગામથી આવ્યા ને તમે શું કહેવોછ જો." શાવકનું મોહ્ડું કુમલાયલું. ઓઇ તેવણને કાંઇ એકાએક યાદ આવી ગયું હોય તેમ તેવણ બોલ્યાં, "અંહ, તમે શાવકશા છેવો કે આવો આવો, તમે 'મેતીકુત' થયા તે મને મારી પરીએ કહ્યું. આંવો અંદર આવો" કરી તેવણે તેને દીવાનખાનાંમાં લઈ જઈ બેસાડયો. હોલનાં બીજાં બારણાં આગલ પરીચેહેરબાનું કાંઈ કટકટ કરતાં સંભલાય છે, એક ગરીબ ધંધાદારી ફેરીઆ સાંમે કાલાવાલા કરતો અરજ કરે છે. "બાઈ મારી પાસે કાંઈ લેવો, મારી પાસે દરેક જાતનાં સાબુ છે, તમે બાહારથી લેવો તેનાં કરતાં ગરીબ જરથોસ્તીને ખતાવો બાઈ સાહેબ."

"આમ તુમકુ બોલા કે આમકુ નહી મંગતા" કરી પરીચેહેરબાનું ધાંટુ કાઢી અંદર આવ્યાં, અને શાવકની હાજરીની દરકાર વગર બોલ્યાં, "માય જોવોની આ કોઈ માથું ખાઈ જાયછ. કહેજે તમારે ત્યાંથી નાંજાબાઈ અને મીઠીબાઇ મારી પાસે અનંતવાર સાંમન લેછે ને તમે કાંઇ ગરીબને ખતાવતાં નહીં."

"કહેની કે તે લોકો તો રાજા લોક છે," રોશન-બાનું ઉછલ્યાં. "એ મુવા પાસે શું લે. બીજી મોટી દુકાંણો નથી કે એવા ટુંક ભંડોલીઆ પાસે લે."

"અરે બાઇ હું ગરીબ માંણુસ...""ચાલ મુએ રહે, આયછ કે નહીં, કોઇ બાહારનાં ઘેરનાં આવેલાં હોય તો જોનો નથી મુવો."

શાવકથી વધુવાર તામેશ ન થવાથી તે બોલ્યો. "જી હમણાં જરથોસ્તી છોકરાઓ એવો છુટક ધંધો કરેછે તેઓ મોટા લોકો પાસે કમાવાની આશા ન રાખે તો કોણ પાસે રાખે! આપણ જરથોસ્તીઓએ તો આપણી હમજાતને મદદ કરવી જોઈયે. આપણે કોઇ બીજી મોટી દુકાંણો પરથી જરૂર જોગો સાંમન લઈયે તેનાં કરતાં પારસી છોકરાઓ જો સારો માલ વેચતા હોય તો તેઓ પાસથી લેવાથી તેઓને ઉતેજન મલે."

"અરે એવા ભુખરીબારસો એમ કરીને કાંઈ ઉચકી જાય." પરીચેહેરબાનું બોલ્યાં.

"નહિ, નહિ, શું બીચારાં ગરીબ થયાં તેથી બધાંનીજ દયાનત એવી ખરાબ આવેછ શું?"

રોશનબાનુંને શાવકનું બોલવું ગલે ન ઉતરવાથી બોલ્યાં "ઉપર ભાઈ વાર જોતા હશે, સીધારો બા."

શાવકને પણ તેવુંજ જોઈતું હતું માટે સલાંમ કરીને ઉઠ્યો અને ઉપર દોડ્યો. દાદર આગલજ મીઠાં પોતાના નાંધલા ભાઇને હાથમાં લઇને ભેલી મલી. રાજી હવાની ખુશી તે બંધે ભાઈબેહેનોના મોંઢાપર પ્રગટ દીસતી હતી. મીઠાં, કાવસજી માસ્ટર, તથા નાંજાએ શાવકને ઘણો હરખભર્યો આવકાર આપ્યો. કાવુસજી માસ્ટર શાવકને શેક-હેન્ડ કરીને પોતાંની પાસે સોફા પર બેસાડતાં બોલ્યા "શાવક મને તારૂં કાગલ પુને મલ્યું હતું. તારી મરજી કઈ કોલેજમાં સાંમેલ થવાની છે, તે કહે તો આપણે નક્કી કર્યે."

"મારી મરજી મારા બપાવાજીના ધંધામાં પડવાની છેજી." તે હદબાહાર ઉલટથી ધ્રુજતા અવાજે બોલ્યો.

"ડૉકટરનો ધંધો તુંને ગમે છે તો ઘણું સારૂં પણ તારા મરહુમ બપાવા જેવી એ ધંધામાં નામ-દારી મેલવી આવા હરીફાઈનાં વખતમાં સેહેલ નથી અં."

"કાવસજી, કાંઈ હુન્નર એવણ લે તો કેવું વારૂં" કાવસજીનાં ધણીયાંણી નાજા બોલ્યાં:

"શું કહ્યું નાંજા? કાંઈ હુન્નર લેવો તો સારોછે. હમણાં બધે વકીલ ડોકટરો પર ધાડ છે કે તેઓ ઘણી સંખ્યામાં પસાર થાયછે માટે કાંઈ કમાશે નહીં, પણ શાવક જેવા હુશયાર માણસો અંતે બીજાઓ પર ફાવીને બાહાર આવી શકેછે. હુન્નર ઉદ્યોગમાં પડવા માટે જોગવાઇ, સબુરી વગેરે જોઈયેછે. આપણે બોલ્યે તો ખરા ને કબુલંગી કરીએ કે કેલવાયલો વર્ગ એકજ લાઇનમાં ઝોકાવે તેનાં કરતાં કાંઈ નવી લાઈન હોય, કાંઇ નવું કમાવાનું ખેતર હોય તો તે અલબતાં વધારે સારૂં પણ ઉધરતા જવાનોને તેને માટે શકિતવાલાઓ ટેકો કોણ આપેછે!"

એકાદ બે પલ ત્યાં ચુપકીદી ફેલાઇ; તેટલાંમાં નાધલી દાસીના અતીષ્ય કલ ખાઈને રડવાનાં અવાજે તેઓ સર્વે ચોંકયાં. આયા હાફતી હુફતી દાસીને લોહીથી ખરડાયલો દાદર પરથી લઈ આવતી હતી તે તરફ સર્વે દોડયાં.

"આયા એ તેં શું કીધું! મારા દીકરાને લોહીથી ઝુઝરતો શાએ કીધો!" નાંજાએ એક ધીમી ચીસ સાથ પુછ્યું.

"બાઈ મેં નથી કાંઈ કીધું. પરીચેહેરબાનુંને હાથે પ્યુચો પડી ગયો ને હાથમાં કાચ ભોકાઈ ગયો તેનું લોહુ જાય છે."

"ઓ માયરે! હવે શું કરૂં જો." નાંજા રડમસ થઈ બોલી.

"માયજી, તમો ફીકર ના કરો, કાંઈ ઘાણું નથી લાગ્યું." મીઠાં બોલી. તેણીએ તરત મન સમાધાન કરીને જખમ સાફ કરીને લોહી વધુ જતું અટકાવવા માટે કાવસજી તથા શાવકની મદદ સાથ તાઈટ પાટો બાંધી લીધો. તેટલાં શેરનબાનું આવ્યાં અને બોલ્યાં "બલા જાણે છોકરાને વાગુ કે? એ રાન આયાનું કારસ્તાન, છોકરાને એ રાને વીહીલો મુકયો શું કામ કે મારી પરીને હાથે પડી ગયો."

"હવે તે મુંડી વાલેસ માય. અકસમાત થયો તેમાં તમારી પરી શું કરે." નાંજા બોલી. "જોવોની

મારી દીકરીએ તરત લોહી વેહેતું બંધ કીધું ને ભલા ડાકટરને હઠાવે તેમ પાટા શું સફાઇથી બાંધયોછ. આપણાં વખતમાં તો એવી ધરગતુ જરૂર જોગી કેળવણી સ્કુલોમાં નહિ આપતા હેતા કે પછવાડેથી સંસારમાં કાંઈ કામ લાગે." જાંજા અફસોસ કરી બોલી.

"રોશનબાનું, તમારી દીકરીને તો તમે કોલેજમાંજ છોકરાને લાયકની કેળવણી આપો. કાંઈ આવડે તો નહીં પણ પોતાનો વાંક થયો તેથી જરા ઉપર આવી બી નહીં. વાંક તો તરત કબુલ કરી દેવામાં શોભા," કાવસજી બોલ્યા. તેટલાં કોઈ બાહારનું માણસ કાવસજીને મલવા આવવાનું હતું તેનાં આવવાની ખબર સાંભલી તેવણ શાવકને પોતાની સાથે બોલાવી નિચે ગયા.

"શાવક આપણી વાત અધુરી રહી ગઈ. તું મેડીકલ કાલેજ ઉઘડે તેવોજ જોઈન થાય તો સારૂં." કાવસજી દાદરપરથી ઉતરતાં બોલ્યા.

"હાજી, પણ મને તે વીશે કાંઇ કહેવું છે." શાવક બોલ્યો.

"બેલાસક. જે કહેવું હોય તે કહે." તેવણ શાવકનો બરડો પસવારી ઉભા રહી જઇ બોલ્યા.

"જી જરા નિરાંતે વાત થાય તો સારૂં. મને તો ફુરસદ છે."

"વારૂ, ત્યારે હું રૂસતમજી દારૂવાલાને મલી હમણાં દશ બાર મીનીટમાં આવુંછું તેટલાં તું પાસેનાં ઓરડામાં બેસ....અરે નહીં તો તું મારી સાથે આવ શાવક હું તેવણ સાથ તારી ઓલખાન કરાવું."

તેઓ બંધે દીવાનખાનામાં સાથે દાખલ થયા. કાવસજીએ શાવકને પહેલાં રૂશતમજીની ઓલખ આપી, પછી શાવકની ઓલખાંન રૂસતમજી સાથ કરાવી. "રૂસતમજી શેઠ એવણ મી૦ શાવક પેશતનજી હોરમજશા ડૉકટર. હોરમજશા ડૉકટરનું નામ તો તમોએ સાભલ્યું હશે. શું જગપ્રાશકારા ને શું અમીરી તે માણસ હતું. કાંઇ લાખોને ટેકો દીધો હશે ને કાંઈ લાખોનાં ભલાં કીધાં હશે ને તેનાં ફરજંદોને કોઈ આંખીને જોતું નથી."

શાવકે જોયું કે તેઓ દાખલ થયા ત્યારે રૂસતમજી નીચી ડોકીએ દાઢીપર હાથ ટેકવી આલગમ

જોતા હતા પણ જેવી તેવણુની નજર શાવકપર પડી તેવા તેવણ ચોંકયા હતા, ને જ્યારે તેવણ સાથ તેની ઓલખ્ખાણ કરાવી.ત્યારે તેવણ કાંઈક ગભરાયલા દીસ્યા. તેવણ ખાસ્સા પોખાયલા હતા. મોટી દુંમ. સાથ તેવણથી ઝડપથી હીંડાતું નહીં હતું. તેવણે આંખે લીલો ચસમો ઘાલ્મો હતો ને બાલ એકેએક સફેદ થઇ ગયલા હતા જે ઘડપણનાં કરતાં નજલાને લીધે હશે એમ શાવકે અટકલ કીધી કારણ કે તેવણ તદન તનંદરેસ્ત દીસ્તા હતા. તેવણનો પોષાક ઘણોજ ભપકાદાર હતો. તેવણ અવારનવાર ચસમો ઉતારી પોતાનાં પાજનાં રૂમાલ વડે તે લુછતા હતા જ્યારે તેવણની ચમક ચમક થતી આંખો શાવકને કાંઈક ચોંકાવનારી લાગી. આંખો ઘણી ચંચલ હતી પણ કાંઇક ધાસ્તી પેદા કરે તેવી હતી. તેવણ થોડોકવાર કાંઈ ઘરનાં વેચાણની વાત કરી સધાવ્યા. શાવક જે આટલોવાર તેઓની કાંઈ અગત્યની વાત હશે સમજી ઘણે દુર ઓરડાને બીજે નાકે બેઠેલો હતો તેને તેઓની વાત નહી સંભલાતાં ફકત, પેલા માણસનાં હી-હી-હી-હી કરી હસવાંનાં સાદ આવતા હતા. તેવણ ગયા પછી શાવકે સાથ કાવસજી મલ્યા.

"શાવક, હવે તું આવતા સોમવારથી સ્કુલે જમાં જોડાજે હું, ફીનું તો થઇ રહેશે. તું કાંઈ તેનો વિચાર મા કરતો."

"જી તેજ વાતે હું કરવાઓ હતો. મને કાંઈ પણ કમાઇને તેમાંથી મારી ફી આપવા ગમે છે."

કાવસજી તે સાંભલી મુછમાં હસ્યા. પછી બોલ્યા "ઠીક, તારો વિચાર તો સારો છે શાવક પણ તારેથી તેમ બનશે?"

"હાંજી માણસ જો મનપર લેછે તો મુશકેલીઓ છતાં પણ તે બજાવી શકે છે."

"વારૂ, ત્યારે તું કેમ કમાવા માંગે છે?"

"જી આજે ન્યુસપેપરમાં મેં આપણી સ્કુલમાં નિચલા વર્ગમાં માસ્ટર જોઇયે છે તે વીસે જાહેર ખબર વાંચી ને ત્યાં મને....."

"અરે છોકરા તું હદ બાહાર ઉલટમાં ભુલી જાય છે કે એક સ્કુલમાં તારા જેવા મેત્રીક થયલાને થોડો વખત થોડા કલાક શીખવવા કોણ રાખે! તેનાં કરતાં કાંઈ પ્રોઈવેટ 'ત્યુશન'નું કરે તો ઠીક. આપણી ઓલખાંનમાં તારે માટે આપણે જોઈશું."

"તમારી મેહેરબાંનીની મારીફતે હમેશા છેજ સાહેબ. ત્યારે હું તેમજ વિચાર રાખીશ."

"વાર શાવક; રુસતમજી દરિયાવ માટે શું ધાર્યું? સારા માણસ લાગેછ હું!"

"જી, એક વખતમાં કેમ કહેવાઇ શકાય?" શાવક બોલ્યો.

પ્રકરણ ૬ ઠું

નાંધલી ચાંદનનું ઓદા માટેનું જ્ઞાન.

કાવસજી માસ્ટરને રૂસતમજી દારૂવાલા મલવા આવ્યાથી તેવણ તથા શાંવક નિચે ગયા પછી કાવસજીનાં ભાઇ રતનશા ઉપર આવ્યા.

"નાંજાં બેહેન કાવસ કયાં ગયો?"

નાંજાં પોતાના બુચાને ખોલા પર લઇ તે ઉંધતાં બાલકને ઘણી પ્રીતથી નીહાલીને જોતી બેઠી હતી.

"કાંય, કાંય એ બુચાને શું કીધું પાટો શાનો બાંધ્યો છ." રતનશા બોલ્યા.

"કાંઈ નહિ, પડી ગયો તે જરા વાગું છ તેથી પાટો બાંધ્યોછ." નાંજા બોલી.

"કાંઈ ઘણું તો નથી વાગુની? મેં સમજ્યું કે તમારી આયા ઘણી 'કેરલેસ' છે?"

"નહીંરે શેંની, એને મારી ચાકરીમાં આજે દસ વર્ષ થયાં. એ તો હોય ખચ્ચું છે જરા પડેબી અફલાયબી."

"વાહ, તમે લોકે તો એટલા વારમાં બધું ઠીક-ઠાકબી કરી મુકયું. હજું તો બે ત્રણ કલાક થયા પુનેથી આવ્યાં તેટલાંમાં તો બધું સુઘડ માલમ પડે છે!"

"તે શું કરીએ થોડોવાર થાકી ગયાં હુતા તે આશાયસ લીધી ને પછી મારી દીકરીએ, મેં ને આયાએ કરી બધું ઠીકઠાક કરી દીધું. મારા કાલીને તો જરાક વેરવીખેર પડેલું નહીં ગમે."

"મજાનું એ સારૂં. હું બી મારી રેશી અને પરીને કહું છ પણ........."

"કાંય માય ચાંદન દીકરા તું કાંય આવી!" રતનશા અચકી જઈ બોલ્યા. વાંચનારને ચાંદન (રતનશાની નાધલી બુચી) સાથ બરાબર ઓલ-ખાન નથી થઈ. તેણી ઘણી સોવામની, ચંચલ, તથા શરમાઉ, આશરે છ સાત વર્ષની બુચી હતી. તેણી આવતાંજે વાર પોતાનાં બાપ પાસે હરખ ભર દોડી.

"પપા, પપાજી, મને એક દોર્ઢાયું આંપો, માયજીને તો કેહું છ તે વાત કરતાં કરતાં અં-અં...કર્યા કરેછ ને આપતાં નહિ, તે તમે આપો."

"કોણ સાથે વાત કરેછ ને તુંને આં આં કર્યા કરેછ, દીકરા ?" રતનશાએ મુછમાં હસીને પુછ્યું.

"વળી કોણ સાથે, એવણનાં સહી આવ્યાં છે તેવણની સાથે." એટલાં તેણીની નજર સુતેલા દોલીપર પડતાં વાર "ઓ દોલી" કરી ખુશાલીની ચીસ સાથ તેને રમાડવા તેણી દોડી; તે બુચ્ચું દુઃખથી રડી રડીને સુઈ ગયું હતું તેને તેણી જગાડને, પણ નાંજાંએ તરત સમાલી લીધી.

"વારૂં તુંને દોઢીયું શાંને વાસ્તે જોઈયે છે ચાંદન ?" રતનશાએ પુછ્યું.

"અરે, શાને વાસ્તે શાંનું પુછોછ, ખાઉખાઉ ખાવા."

"ચપ ચપ ચેરી છોકરી, તુંને કેટલી વખત નાં કહ્યું કે કોઇ સાથેઅી વાત કરતાં ખરાબ બોલ નહિ બોલ્યે. બોલશે કે ફરીથી ?"

"નહિજી, નહિ બોલુંજી. પણ પપાજી, માયજી તો હું એમ બોલુંછ તે કાંઈ બોલતાં નહીં ને એવણમાં સહી પેલા તેહમીનાં આવ્યાંછ કેની હેઠે, તેવણતો કહેજ નાલે મોઢે બુલેછ તે ધણું સરસ

લાગેછ ને ઘણા પેટ પકડીને હસેછ. તેત્રણે તે દાહાડે મારી પાસે ઘડી ઘડી એવું બોલાવ્યું. હુ આયા સાથે મરાતીતી ને બોલી કે મરે મુઈ.... નહી બા પપાજી, તમે નાં કહેતોછ તે હું નહીં બોલતી હું કે. પણ મને એક દોઢીયું આપો. જો વરી."

"તું મને કહે, તું શું.ખાઉખાઉ ખાવાનીછે"

"જા બા, મમા તો કાંઈ એવું એવું પુછતાં બી નહીં. હમે લોકો ફરવા જઈયેછ કેની, તે બધ્યાં ત્યાં નાધલા નાધલા છોકરાં લોક થોડા દાહાડા થયા દોઢીયાં એકઠાં કર્યેછ કે થોડા પૈસા એકઠા થાય તો પછી તેનો હલવો ખાઇયે."

"અરરર છોકરી એ શું બોલે છે! તું સીક પડી જશે તારે," નાંજાં બોલી.

"નહીંરે, નહીં, હમે તો કેટલો વખત થયો હલવો ને બધી મીઠાઈઓ ખાઈયેછ. આયાની સાથે ખાયછ. તે દહાડે હું સીક પડી તે તમે લોકે મને ધમકાવીને પુછયું કે તારા કાંઇ ખાધામાં આવ્યુંછ પણ મેં કાંઈ ખાધું નથી કરી હું બોલી,

મમાને કહેતા : વાં હું કે નહીં તો મને મારી નાંખશે; હું સીક ને આયા મને ઘડી ઘડી ધમકાવ્યાં કરે ને મને કહેજ માય પાસ બે આનાં લઇને મને આપશે તો મંધી વાત નહિ કહેવસ."

"જોયું આ, બચાંઓને એવી ખરાબ આયાઓ કેટલાં બગાડેછ તે. એક સારાં ઉછરેલાં બચ્ચાંની શું મકદુર કે ધાક છતાં બી જુઠું બોલે. પણ બચાંપર ઘણો ધાક ને મારફાડ તો જોઈયેજ નહીં. હું રોશનને એમ કેટલી વખત કહુછ." રતનશા બોલ્યા.

"મુય ચાંદન દીકરા, મારી પાસ આવ હું તુંને સમજાઉં," નાંજા બોલી, "જો દીકરા આપણે જુઠું તો કોઇ દિવસ નહીં બોલ્યે, સમજી. જુઠું બોલે તો ખોદાયજી ઘણા ગુસ્સે થાય."

"પણ તેવણ આપણને શું કરેંજ. તેવણ કયાં અહીંયા છેજ તેની વાત." તે નિર્દોષ છોડી બોલી.

"અરે એમ નહીં બોલ્યે. તેવણ તો બધેમધ છે, ને આપણે કાંઈબી કર્યે કેની તે બધું તેવણને દેખાય. આપણને ખોદા દેખાય નહિ, પણ તેવણ તો આપણને જોય છે, સમજી."

"તારે તો ખોદાયજી બધું જોય, તારે તો ઘણા ગુસ્સે થતા હશે નહિ વારૂ? મમા આમજ મારો વાંક પડેછે ત્યારે તેવણ કેવાં ગુસ્સે થઈ જાઇને મને મારેછે, તારે આવા મોટા ખોદાયજી તો ઘણા ચીરડાઈ જતા હશે, પણ તેવણ કાંઈ મારતાતો નહીં?"

"આપણે ખોટું બોલ્યે કેની તો તેવણ ઘણા ગુસ્સે થઈ જાય ને આપણી પર પછી હેત નહિ કરે." નાંજાં બોલી.

તે નાધકલી સુંદર બુચી દયાપસે ચેહેરે નાંજાને અને રતનશાને વારાફરતી જોતી ઉભી.

"રતનશા તમો એને કોઈ સારી જેવી સ્કુલમાં મુકો, ત્યાં એ બધું સારૂં સારૂં શીખશે."

"અરે સ્કુલનું શીક્ષણ સ્કુલમાં અપાય ને ઘરની કેળવણી ઘરમાં અપાય. કુમલું ઝાડ જેમ વાલ્યે તેમ વલે, તેમ બચ્ચાંપર નાંધપણથી જો સચ્ચાઇનો છાપ પાડયો હોય તો તે છાપ મરતાં તુલીક ભુસાનાર નથી.

પ્રકરણ ૭ મું

નાલી કાકીની શીખામણ.

રોશનબાનું એફાદ સાંજનાં નાટકમાં જવા માટે તૈયાર ઉભેલાં છે. મરીચેહેરબાનું ડ્રેસ કરવા ઓરં-ડામાં ભરાયલાં છે. એક કલાક થયો, દોઢ થયો, પણ મરીચેહેરબાનુંનું કાંઈ નામ નીશાન જણાતું નથી.

"મરે શું થયું, કોઈ આય ડુકતી છે! કાંઈ ડરેસ કરતી કરતી ઉંઘાયછે કે શું!" રોશનબાનું આમતેમ ફેરા ખાતાંખાતાં બબડે છે, અને ઘડીકમાં પુરીચેહેરનું બારણું ગગડાવે છે, તો ઘડીકમાં કોચપર અલગાં બેસે છે, અને વલી પાછાં અધીરાં પડી જઈ ફેરા ખાય છે. તેટલાં દુરથી દરવાજાપરથી કોઈ બઇરાં આવતાં તેવણને દીસે છે.

"ઓવાય, ચાલ જા, એ વરી કોણ કવાબમાં હાડકું આવ્યું! કહેજ કસ્તી કરે નહીં, ને કરે ત્યારે સેતાંન નડે; તેમ આજે કધીમધી જંરા જવાં નીકલીં ત્યારે મુવું કોઈ ને કોઈ ફુટી નીકલ્યું!" તેટલાં પરીચેહેરબાનું તૈયાર થઇને બાહાર આવ્યાં. તેવણે ખુબ ઠઠેરો કીધો હતો, ને કાંન,

ગલું, હાથ, અને અર્ધાં અર્ધાં આંગળાંઓ હીરા જડીત બંનાગ્યાં હતાં. તેવણે કકડતી થંડીમાં "ઓપન" બદીઆંન પેહેરયું હતું અને તેની ટુકી બાંયમાંથી પોતાનાં દીવાસળી જેવા હાથો ઉઘાંડા રાખ્યા હતા કે તેવણની બાંગડી, બ્રેસલેટ ઈત્યાદી આભરણ દીસી આવે.

"માય, માય, તમારાં સહુ તેહેમીનાં આવેછ હવે?"

"કોણ તેહેમી છે કે, મરે મને કાંઈ દુરનું દીસી મરેછ!"

"વાહરે વાહ મોટા લોક, હું જ અંતે વાર જોઇ જોઇને આવી ત્યારેની! રોશાં, ઘણું મજાનું, આઠ દાહાડા થયાને જાણે જીવ બધો તપુતપુ થાય કે કયારે મારી રોશોને મલું કયારે મારી પરીને જોઉં. માય આવ દીકરી પરી, જરા મળતી બી નહીં કે! કેમ કાંઈ ખુબ ઠઠેરો કીધોછ. કેઠે બાહાર સીધારેછ કે માંય!" તેહમીના બોલ્યાં.

"હા હમો લોક નાટકમાં જવાનાં છૈયે." પરી ચેહેર બોલી.

"અંહકે, તારે તો હું બી સાથે આવશ."

રોશનબાનુંનાં પેટમાં ધસકો પડયો. તેવણ પૈસાનાં અતીશ્ય નીચાં હતાં. પોતાની સહીને તેને પૈસે લઈ જવા તેવણને ઠીક ન લાગતું, તેમ વલી ઝટ દઈને પૈસા ખરચતાં તેવુંણને અકરવકર થતી માટે તેવણ બોલ્યાં.

"હુવે ઘણે દાહાડે આવી ત્યારે ચાલની બે ઘડી વાત કરીએ. પરી એનાં બાપકાકા સાથ જશે. ફરાગાત થઈને બેસ તેમીનાં. કાંઈ ગામ સીમની વાત કર્યે કે મજાનું સોત્રાઈ જાય." ત્યાર પછી ત્યાં એક નાધલું જેતું નીંદાખાનું બેઠું. રોશનબાનુંની માનીતી બોલકણી આયા પણ તેઓ સાથ ટાહુકા પુરવામાં સાંમેલ થઈ. તે અભણ અબલા નીર્દોષ નાટક જોઇને તે પરથી કાંઈક શીખામણ લેવા બદલ નીંદાનાં નાટકમાં મોજ લેવા લાગી. નીંદાખાનું તેનાં પુર બાહારમાં હતું તેટલાં નાલી બાઈ નામે એક બુધાં બાઇ રોશનબાનુંને મલવા આવ્યાં. તેવણ આશરે સાઠની ભરતીમાં આવેલાં હતાં. રોશનબાનુંનાં તેવણ ઘણાં દુરનાં સગાં થતાં હતાં. દરેકજન તેવણને નાલીકાકીનાં એલકાબથી ઓલખતાં. તેવણ ઘણાં હુશયાર તેમજ બોલીદરાજ હતાં.

"'એ..એ કોણ, નાજ્ઞીબાઇકે! નાજ્ઞી કાકીકે! મરે તેહેમી તેંબી નહીં જોયાં!" રોશનઆનું બોલ્યાં. "આવો માય, આવો, કાંઈ ઘણે દિવસે દીસ્યાં."

'નાજ્ઞી કાકી સોફાપર પગ ઉંચા કરીને ગોઠવાતાં બોલ્યાં, "આવી માય, શું કરૂં હું તો ઘણી કાયર થઈ ગયલી છેઉં. માય તારી પરીને મેં એનાં જીભરૂં બાપકાકાને મીઠાં સાથ ફરવા જતી જોઈ. હુમણાં આય બસ મારી શીરીન ને સુનાં આય એનો એ બોલ પકડી રહી છે કે ફરવા મોકલો, ફરવા મોકલો, પણ કોણ સાથ મોકલું! એનાં ભાઇ થતાને તો સાથે લઈ જતાં કંટાલો આવી જાયછ. ને આપણાં ગરીબ ઘરમાં આયા દાયા કોઈ છે કે તેની સાથેથી મોકલું. કાંઇ માસા, મામા, કાકા, કોઈ તેવા દયાલુ છે કે જરા બાપનો વગ રાખીને ફેરવે હેરવે. ભાઈ થતો ના કહે ત્યારે બીજાંને તે શું કહીયે માય. બે ઘડી દુકૂતીઓનાં મોઢાપર જરાં લોહીપાણી આવે, ઘરમાં બધી તવાઈ ચાલીછ તે. આય કાંઈ જરાક થાયછ તો બાપ હૈયે ચઢી આવેછ. હું શું કરૂં, મુરંબ્બીની વાત જુદીજ તો માય. દુકતીઓને માંથે મુરંબી હોય તો બધું વણાઈ જાય. કોઇની મકદુર શું કે એક હુરફ બોલે."

બિચારાં નાલીકાકી આવ્યાં ત્યારે પોતાની દીકરાની દીકરીઓ માટે રોશનબાનુંનાં સહી તેહેમીનાંને ખોટી નીંદા કરતાં સાંભળ્યાં હતાં તેથી તેવણને ઘણું દુઃખ લાગવાથી ઉપર પ્રમાંણે બોલ્યાં.

રોશનબાનુંનાં સહી તેહેમીના અત્રે જવાં ઉઠયાં; "ચાલો માય, હવે જાઉં છ. હવે આએ કાકી આવ્યાં છે તેવણ બધી સારી સારી વાતો કરશે. હું તો આએ લોકોમાં વાત ચાલેછે તે પરથી સેહેજ બોલતી હતી."

"માય લોકોને શું પડયું છ! એકની ચાર વાત કરતાં કાંઈ વીલંબ લગાડે છ? કોઇની કાચી કુમારી પોરીઓને વીનાં કારણે વગોવતાં કાંઇ શરમાયછ," કાકી બોલ્યાં. "બેહેસ્ત બીચારા મારા માણકશાને તે તેવણ મારી ચાલથી ઘણાં ખુશી થઈ જાય. હું મરતાં કોઇને માટે એવું બોલું નહીં. એવી એવી નીંદા કરવામાં આપણો વખત જાય ને હાંસલ તો કાંઇબી નહિ." અત્રે નાધલી ચાંદનનાં આવ્યાથી રોશનબાનું ખીજવાયાં.

"કાંયરે તું તારો બાપું સાથ નાટકમાં કાંય નહિ ગઈ?"

"મને પપાંએ ધમકાવાં ને નાટકમાં નહીં લઈ ગયા."

"પણ મેં કહ્યું. તે છતાં તેવણની શું મુગદુર કે મારી દીકરીને નાટકમાં નહીં લઈ જાય?"

"નહિ, પપાને વાસ્તે એમ નાં બોલો. મારો વાંક પડયો. હું ખોટું બોલી." તેણી રડતાં રડતાં બોલી.

"હોય બચ્ચું છે. જુઠું બી બોલે, સાચું બી બોલે; તેથી શું થયું. ચાલ રડ નાં. એવણતો એવાંજ છે. ચાલ હવે કંટાલો નાં આપતી. પેલાં સાંમે ભજીયાં ઢાંકલાં છે તે ખાઈ જા."

"નહીંબા હું તો પરી બેન આવશે તેવણની સાથે ખાવશ." બુચી બોલી.

"મમાજી તુમો જાણોછ કે પરીતો ઘણી ગુસ્સે થઈ ગઇ છે."

"કોણની સાથે!"

"કાકાનાં મીઠીબાઇ સાથે."

"અંહ! એ મીઠીને કાંઈ સોહોવાતુંજ નથી.. બસ મારી દીકરીને છેડ છેડ કર્યાજ કરેછ."

"નહીંરે. મમા. તેવણનો કાંઈ વાંક નથીરે. તેવણે તો પરીચેહેરને જરાં અમથું કહ્યું ને શીખામણ દીધી કે કેટલી બધી જનસ પેહેરીછ, એટલી બધી સારી નહીં લાગતી. ત્યારે પરીચેહેર અમથી અમથી મોટે મોટે મરાવા પડી ગઈ. પણ મમા ઘણી જનસ સારી નહીં લાગતી જો. બધું ઝલઝલ થાય. જરા સેહેજસાહજ હોય તો કાંઈ નહીં."

"ચાલ રાંન, આય ઉપર ભરાઇ ભરાઇને કાકી જેવી ડાહી કાગડી થઈ ગઈછની?" રોશનબાનું બોલ્યાં.

"અં! મમાજી, બીજું કાકીજી બોલ્યાં કે એટલા બધા જનસપર આપણે પૈસા ખરચ્યે તેનાં કરતાં તે વેચી નાંખીને તેનાં પૈસામાંથી કાંઈ સારો ઉપયોગ કર્યે ને ... ..."

"ઓવારૂરે જનસ વેચવા પરથી." અભણુ રોશનબાનું બોલ્યાં. "આગ જોયું નાલી કાકી, મામાની દુકતી થઈને સગન માંગેછ તે. હું શું જાણું. મેંજ આગલ રહીને એને ઠેકાંણે પાડો ત્યારે સાવકી દુકતી સાથ મેલી મને એવું એવું બોલેછ."

"માય તમોને ખબર નહીં કે ચાંદન નાટકમાં નહીં ગઇ તે! છોકરાં જાય આવે તે તમોને કહીને

નહીં જતાં કે ! છોકરાંને સારી આદત નાધપણમાં પાંડેલીસારી." નાલી કાંકી બોલ્યાં.

"મરે હું તેમીનાં સાથે વાતમાં પડી તે એ લોક ક્યારે ગયાં ત્યારે નહીં તે કાંઈ ખબરજ નહીં પડી."

"એ આંય કોણ સાંચાપર શીવે છે. ત્યારનો ખટક ખટક અવાજ આવે છ. દરજી છે કે?" નાલી નાકી બોલ્યાં.

"હા એ તો બુચીનાં 'ફ્રોક' શીવે છે." શેરાનબાનું બોલ્યાં.

"મરે હવે તો બસ બધેબધ ફરાકજ થઈ ગયાછ. અગાઉનાં ઝબલાં તો જાણે નીકલીજ ગયાં. પણ મુવા એ ફરાક દેખાવમાં સારા લાગેછ જો. ને પોરીયાંઓ જરા ઢંકાયલાંબી સારાં રહે છ. મરે મારે ત્યાં પાસેની ગોરાણીની દીકરી તે દાહાડે આવીતી તેબી બુચીને ફરાક પહેરાવીને લઈ આવેલી. વર બિચારો સુથાર છે. હેંકારતો નહીં કર્યૈ, પણ મેં પુછ્યું કે મરે સુનઇ તુંને ફરાક શીવતાં કોણે શીખવ્યું ? તે કહેજે નહીંરે દસદસ ને બાર બાર આના આપીને થોડા શીવાડયા, તે મેં તો

ઝાટકણી કહાડી નાખી ને આંખમાં પાણી ભરાઇ આવ્યાં. તે મુઈ દયાંળી લાગી પણ મને તે સારૂં લાગુ તે બોલી, કે હા શોખ થાય સઉને થાય; પણ આપણે પગ જોઈને પાથરણું તાણ્યે. તું ગરીબ માણસ તે ઘરમાં શીવ તે કહેજે મને આવડતું નહી. મેં કહ્યું કે ચાલરે કોણને સમજાવેછ. એક વખત કાપ કીઢી મુકવાનો ને તે પ્રમાંણે વેતરીને શીવવાનું ને નહી તો બે ચાર વખત કોઈને શીવતાં જોવાનું. મારી શીરીન, સુનાં આગલ નહી તો બેઘડી. આવજે તે લોક તુંને શીખવશે. તે આજે આવેલી છે. હું આવી ત્યારે વેતરવા બેઠેલી હતી. ને એને રફુ કરવાનું શીખવવાબી મારી શીલ્લાં, સુનાંને કહેતી આવીછ. જીભરૂં તે મારી સુનાં મોજાં રફુ કરતી હતી, તેટલાં એ આવી તે કહેજે હું મોજાં ફાટી જાય એટલે નાંખી દઉંછ. કોટકજ તો. તે આય વખત તો મેં સમજાવીને કહ્યું કે માય, કરકસર કરતાં શીખશે તો તારાજ જીવને સારૂં. મને થોડો ફાયદો થવાનો છે જે તેની વાત." ત્યોરે પછી સાધારણ વાતચીત કરી નાલી કાકી જવા ઉઠયાં.

પ્રકરણ ૮ મું.

જાંહાગીર એસકીનાં કેળવણી માટેનાં વિચારો.

આપણે શાવકને મેડીકલ કાલેજમાં દાખલ થતો છોડી આવ્યાં છૈયે. ત્યાર પછીનાં ચારપાંચ વરસોનાં અરસાનાં બનાવોની આપણે ઝડપી નોંધ લઇયે. શાવક અને મીઠાંને ત્યાંનો સંસાર સુખી અને આબાદ હતો. આણીગમ શાવકે કાલેજમાંની પરિક્ષાઓ સપાટાબંધ પસાર કર્યાં જઈ પોતાનાં વડાઓની શાબાસી મેલવી મોટાં ઇનામો તથા સ્કાલરશીપો મેલવતો થઈ પોતાની માતાનાં હૈયાં હરખાવતો ગયો; તેમ પેલી ગમ મીઠાં પોતાનાં ભાઈ દોલી ઉપરાંત બીજા બે જોડ ભાઇઓ રૂસતમ અને જમશેદને ઉછેરવામાં પોતાની માતાને મદદ આપવામાં ખુશાલી લેતી ગઈ. શાવકની પૈસા સંબંધી હાલતમાં પણ સારો સુધારો થયો હતો. તે પુર ઉમંગથી પ્રાઇવેટ ટયુશન આપતો ગયો ને તેમાં સારી કમાણી કરવા લાગ્યો. તે હવે વધુવાર સસતાં ભાડાંની ચેહેલીપર ન રહેતાં પોતા કરતાં ગરીબ ગરજાઉઓ માટે તે જગા ખાલી કરી ગ્રાંટ રોડ ખાતે હવા પવનનાં નાધુલાં પણ સઘવડ ભર્યા માલપર કુટુંબ સાથ જઈ રહ્યો. તેની બેહેન

રૂપઇથી પોતાનાં અભ્યાસપર ઠીક ધ્યાંન આપતી, અને ભરી શીવીને તેણી પોતાનાં ભાઈને મદદ આપતી ગઇ. તે બંધે ભાઈબેનો પોતીની વાહલી માતાને હવે પુરતી આશ્રાયસ આપવામાં ગોયા હરીફાઈ કરવા લાગ્યાં. એ ચારપાંચ વરસોમાં જે મોટો ફેરફાર થયો તે પરીચેહેર બાનુંનાં લગનનો હતો. તેઆણ બે ત્રણ વર્ષે પ્રીવીયસ થઈ ઇનતર મીડયતની પરિક્ષા માટે ફાંફાં મારતાં હતાં. તેટલાં કોઈ પૈસાવાલો એશકી બુખખ જવાંન હાથ આવવાથી ગોઠવાઈ ગયાં હતાં. તેઆણ સીવીલ સરવંટ, બેરીસ્ટર, વકીલ, ડૉકટર માટેનાં અભખરાં છોડી દઈ પૈસાવાલા જાંહાગીર એશકીનો શેકાર થઈ પડયાં; કે જે જવાંન અતીષ્ય એસકી અને દેખામણો હોવાથી છાલકાં મગજની પરીચેહેર લલચાઈ ગઈ હતી.

એક દિવસે સાંજના, કે જે દીને શાવકની પરિક્ષાનું પરીણુંામ જણાવાનું હતું તેજ દીને કાવસજી માસ્ટરની શાલગરી હોવાથી સર્વે ખેશીઓ એકઠાં થયલાં હતાં. સર્વેજનાં દીવાનખાનામાં બેઠેલાં હતાં. મીઠાં ઘણી અધીરી પડી ગયલી દીસતી હતી. તેણીપર કાવસજીની નજર પડવાથી

તેવણે તેણીને હસીને આસ્તેથી કહ્યું; "દીકરી, શ્રાવકની પરિક્ષા માટે આપણને તરત ખબર મલે તેમ મેં ગોઠવણ રાખેલી છે જો."

"હેં કયુ, બાવાજી, એવણબી આજે આવવાંના છે. કલે એમ હમોને કહેતા હતા." મીઠાંશરમાઈ જઈ બોલી.

"હા, ખરા, જાહાંગીર તમે તે દિને કહેતા હતા કે પરિક્ષાનું રીઝલ્ટ સમજવા તમે જવાનાં છો." કાવસજીએ પરીચેહેરખાનુંના ધણીને પુછયું.

"'ઓ બોધર' અરે મકુજ 'એકસકયુસ મી' હું તદ્દન ભુલી ગયો. એ બધાં ફાંફાં છે. બધી મોજ-શોખ તજી દઇને હાય સોસારા કર્યા કરવાનાં આય ખાવું પીવું ફરવું હરવું ને મજાહ કર્યા કરવાની. કેમ ખરૂં કેની? આય મારૂં પરીયું શીખીને શું કાંદા કાઢેછ? મારા માય સાથ રોજ ઝુમબેસ લાગે છ. કાંઈ ધરનાં કામકાજની તો રતીભાર સમજ નહીં ને મારી સાથ કાંઈ ફીલસુફીની વાત કરવા આવે એટલે બા આપુને તો 'ડીસગસ્ટ' છુટે: આપણો તો બા ટેસ્ટ એવો કે બૈરાંઓએ તો આપણી ગુજરાતી તથા ઇંગ્રેજી ભાષાઓનું સારૂં

જ્ઞાન મેલવવું ને આય મ્યુઝીક, ડ્રોઇંગ, ભરવા શીવવાનું તથા ઘરનાં કામકાજ સંબધી માહીતી રાખતા શીખવું એટલે બસ."

"વાહ વાહ! શાબાસ! જહાંગીરજી. કાંઈ તમીરાં મોહમાંથી એવું નીકલેછ! ઘણા સારા વિચારોછે."

"એઠલે મને તે કાંઈ છેકજ બુબખ સમજોછ સાહેબ. અરે મારામાં જેટલી અક્કલ છે તેટલી તો કોઈનાં નખમાં નહીં હશે નખમાં. કેમ મારી ડારલીંગ પરી, ખરૂં બોલ્યો કેની!"

"જાંહાગીર એતો બઈરાંઓની વાત થઇ. તેતો તમારા વિચારોને હું મલતો છું." કાવસજી બોલ્યા. "બઈરાંઓને લાયકની કેલવણી બઇરાંઓને મલવી જોઇયે. યુનીવરસીટી કેળવંણી પાછલથી સંસારમાં તેણીઓને કામ આવતી નથી; પણ માતીડાઓને તો હમણાં એવી કેલવણી લીધા શીવાય છુટક નથી. આય તમારી માફક આઈતા પૈસા હોય ને ખાયા કરે તેમ કાંઈ બધાનાં વીચાર છે! કેટલાક સંમજુ પૈસાવાલાઓબી કાંઈબી શીખીને પોતે જાતે કાંઈ ઉદ્યોગ કરવા માંગેછ. ને મધ્યમ શક્તિવાલાઓને તો કમાવા માટે શીખવુંજ જોઈયે."

"અરે સાહેબ, હવે શીખવા ભણવાની વાત જવા દેવોની કાંઈ બીજી સારી સારી વાતો કરો."

"પરીયાં ડીયર, કાંઈ વજાડ ગા. લે પેલા હારમોનીયમ પર બેસી જા. જોઉં છ તો ડાહી દીકરી."

"તો તારે. આજે આઠ દાહાડે માયને મલી તે કાંઈ વાતચીત કરવાને બદલે એવણ આગલ ગીત ગાવા બેસું! બેસી રહો! બેસી રહો! મુગા મુગા. હજી બે પાંચ લોકની વચ્ચે બઇરીની ગીનીસ કાંય નહિ કરતા કે એમ નહીં આવડતું ને તેમ નહીં આવડતું?"

"સબર કર. ઘર જઇને તારી વાત. જા દોડ. હમણાં તો મારે વાસ્તે વ્હીસ્કી સોડા મંગાવ."

"ચાલો જાંહાંગીરજી, મારી ગાય ગોલાબ જેવી દીકરીને એમ ગંગેટાવ્યા ના કરો. સમજ્યા કે?"

અત્રે શાવકનાં આવ્યાથી સર્વેનું ધ્યાન તેનાંપર ખેંચાયું.

"માયજી બાવાજી, શાવક આવ્યો." મીઠાં, જણી અત્યાર વેર ગુપચુપ બેઠેલી હતી, તણી બોલી ઉઠી.

આહા! શું શાવકનો ચેહેરો ખુશાલ હતો. તેની સખત મેહેનતનો અંતે બદલો મલ્યો. આજથી પોતાની આગલ તેને મોટું ખેતર પડેલું જોયું. તે જો મેહેનત કરીને પ્રમાણીકપણે ચાલશે. તો તેમાંથી હરીફાઈ છતાં તે કાંઇબી ખેડી ખાશે.

શાવકને સર્વે તરફની મુબારકબાદીએ ગોયા વધાવી લીધો. સર્વે જનાંને છુટું છુટું 'ઠેંક્યુ' કહેતાં ગોયા તેની છાતી ખુશાલીથી ભરાઈ આવી.

પ્રકરણ ૯મું

શાવકનું તુટેલું કારજ.

શાવક, તેની માતા, તથા રૂપઈ પોતાનાં બેસવાનાં નાધલા ઓરડામાં એકઠાં થયલાં છે તેટલાં શાવક ખુશાલ સાદ્દે બોલ્યો.

“ માયજી, તમોને એક ઘણી ખુશ ખબર કહુ. થોડા વખતમાં આપણે ત્યાં એક નવું પરોણું આવનાર છે.”

શાવકની માતા, જે રૂપઈને ગુથવાનો ફ્ડો વીટાલી આપતી હતી તેણીએ શાવકનાં બોલવાથી અજબ થઇ તેની તરફ જોયું.

“ દીકરા, વલી પરોણો કોણ આપણાં ગરીબ ઘરમાં આવવાનો છે ! ”

શાવક ખુશાલીથી ખડખડાત હસી પડયો.

“ હું કહું, હું કહું, શાવક વારૂં જાથુકનું કોઈ આવશે કે થોડા વખત માટે ? ” રૂપઈ બોલી ઉઠી.

“ ખોદા કરશે તો જાંથુક માટે.”

"અં હવે પંકડાયો." માયજી એ તો કાવસજી ગાંસ્તરનાં મીઠીબાઇ માટે બોલે છે. શેઠતો કાંઇ ખુબ ઉંડા પાણીમાં ફરેછ અં." રૂપઈ બોલી.

"રૂપઈ તું જબરી હુંશયાર છે. તેં કમ પારખ્યું ?"

"ત્યારે કાંઇ આંખ બંધ રાખીને આપણે ફરયેંછ શું ? તે દાહાડેથી તું કાવસજીને ત્યાં મીઠાં સાથ હસીને ખુશાલ વાત કરતો હતો. સાથે મીઠાંનાં માય બાંવા સઉ ખુશાલીથી વાતમાં સામેલ થયલાં તે બસ હું સમજી ગઇ."

"જબરી ચકોર પોરી." શાવક બોલ્યો.

"કેમ માય, તમે ખુશ કેમ દીસતાં નહીં ! તમોને તો મીઠાં ઘણી ગમે છે. તમે અવારનવાર એની તારીફ કરોછ. એ લોકો એક બે દીવસમાં એ વીશે તમોને કહેવાડવાના છે."

"નહીં મને ત્યાં તારૂં નથી કરવું, શાવક."

"શું માયજીઃ ત્યાં મારૂં નથી કરવું ?" શાવક દુઃખથી લગભગ પોંકાર મારી ઉઠયો.

"નહિં."

"પણ કાંઈ કારણ જણાવશો કેની ?"

"દીકરા, કારણ અમથું જણાવીને શું કરૂં ?"

"એટલે કારણ વગર કેમ ચાલે માયજી ?" શાવક કરગરીને પુછવા લાગ્યો.

"નહીં દીકરા, મને નથી કેહવું."

"અરે ખોદા, ત્યારે શું હું ગુચવાડામાં તવલ્યા કરીશ !"

"આપણને એ લોકોએ નુકસાન કીધેલું છે."

"અરે અરે, નુકસાન કીધું છે કે આંપણીપર બિચારા કાવસજીએ આભાર કીધેલો છે."

"પણ મને બસ વાંધો છે."

"વારૂં ચાલો હમણાં માંડી વાલો."

આહ! શું બીચારા શાવકની સ્થીતી !

રૂપઇનેબી તેણીની માયની રીત નહીં ગમી. પોતાનાં વાહાલા ભાઈ માટે તેણીનો જીવ ઘણો બલી જતો હતો. શાવક માટે તેણીની માતા પણ અંદરખાનેથી દુઃખી હતી. રૂપઇ પોતાની માતાને સમજાવતી, "પણ ત્યારે શું એમ ગોટાં

ખાયાં કીધાથી કાંઈ વળવાનું છે? અરસપરસ ખોલાસો થઈ જાય તો સારૂં કની?"

બીજે દીને રવીવાર હોવાથી શાવક રાબેતા પ્રમાણે સવારનાં ફરવા જતી વંખતે માતાને કહેવા ગયો.

"બાં વેહેલો વેહેલો સંભાળીને આવજે હું કે! હું વાર જોયા કરશ જો, સમજ્યો કે?"

"વારૂં જલદી આવીશ. તમે એમ સમજોછ કે આવી નાશીપાશી મળી છે તે કાંઈ આપઘાત કરશ. તેમ કદી વીચારતા નાં. ખોદા એવી બુધ્ધી કોઈને નહીં આપે."

શાવકનાં તપેલાં મગજને બાહારની હવાએ ઘણેક દરજજે તાજગી બક્ષી. ચાંટરોડથી નીકળી મરીનલાઈન્સ આગળનાં દરીયાની પછવાડેનાં ઝાડોની ઘટાવાળા એકાંત રસ્તાપરથી જતાં તેનું મગજ થોડુંક શાંત થયું હતું; ત્યાંથી પછી ચર્ચ-ગેટ સ્ટેશન નજદીકથી તેણે પોતાનાં કદમ દરીયા કિનારા તરફ લંબાવ્યાં. આહ! શું તે તાજગી આપનારી સવારની થંડી લેહેકી. અરે કેટલાં જણાં ખુદરતની આવી બક્ષેસ મેળવવા વીનાં બીછાણામાં

આલસાઇમાં વખત કાઢે છે! જ્યારે નાંનાં નાંનાં ભુલકાંઓ ઉંઘમાંથી બીદાર થઇને પોતાની આયાંઓ સાથ ખુશ ગેલ કરતાં આણીગમ પેલીગમ ફરતાં નજરે પડતાં, ઘોડેસ્વારો થંડી લેહેકીમાં દરીયે કિનારે છુટા છવાયા દીસતા. રંગબેરંગી સાડીઓમાં સજ થઇને કેટલીક પારસી બાનુઓ પોરી ચઢાવા આવેલી દીસતી. શાવક પોતાનાં દુઃખી જીગરમાંથી બેવડો અફસોસ કરતો તે દેખાવ જોતો બબડયો, "અરે કયારે બઈરાંઓ વેહેમ તજી દેશે. સ્ત્રી કેળવણી આટલી વધીછે, પણ હજી કેલવાયલામાં ખપતાંઓબી એવા વેહેમો રાખેછ"! તેટલાં, " અરે એ સાંમેથી કોણ આવેછે! મીઠાં, મારી મીઠી મીઠાં."

કેવો મેલાપ. કાવસજી તથા મીઠાં સવારનાં ફરવાનાં ઘણાં શોખીન હતાં, પણ છેક ચર્ચગેટ સુધી તેઓ કોઈ કદાચજ આવતાં; ત્યારે જાણે આજે શાવકને વધુ દુઃખી બનાવા માટેજ આવ્યાં. શાવકનું મોહું કુમલાઈ ગયું. પણ તેઓને અપમાન ન થાય માટે મગજનું જેમ તેમ સમાધાન કરી તે તેઓને મલ્યો.

મીઠાંને શાવકમાં તરત ફેરફાર માલમ પડયો. નાસીપાસીથી તેનું મોહોડું ઉતરી ગયલું હતું. કાવસજી માસ્ટર એટલા હરખમાં હતા કે તેવણને તે ફેરફાર માલમ પડયો નહિ.

"ચાલ શાવક દીકરા, હમેથી તારી સાથેજ ચાલ્યેછ." કરી તેઓ ત્રણે જણાએ ચાંટરોડ તરફનો રસ્તો લીધો.

"એ પેલો સામી બાજુએથી દુરથી જાય છે તેને ઓલખ્યો કે શાવક?"

શાવકે પોતાનાં વીચારો મધેથી ચોંકીને કાવસજી માસ્ટરે કહ્યું તે તરફ જોયું.

"હાજી, પેલા રૂસતમજી દારૂવાલા છે."

"વાહ, એક વખતમાં માણસનું મોહડું તારા ધ્યાંનમાં રહી જાય છે. તારી સાથે એક દિવસ આપણે ત્યાં ઓલખાંણ કરાવી તેટલાં તો તું બરાબર ઓલખી શકેછ અં."

"એવણને મારા મોહોલ્લામાં હમણાં હું અવાંરનવાંર જોઉછું, ને હું જોઇને ઘણો અજબ થાઉછ કે મને જોઈને પેહેલા એવણ બસ કુદરતી ચોંકેછે."

"ઘણું અજબ જેવું. અરે બુરો નંગ છે. મેં કામ પાડ્યું ત્યારે જણાયું. મારી સાથે હમણાં ઘણો છેડાયલો છે."

મીઠાં ચાલતાં થાકી જવાથી કાવસજીની ગાડીમાં તેઓ બેઠાં.

કાવસજીનાં ભુલકાંઓ તે ગાડીમાં હતાં. તેઓ સાથની નિર્દોષ વાતચીતમાં વખત પસાર થઈ ગયો.

કાવસજીએ શાવકને પોતાની સાથે નાસ્તો લેવા માટે બોહોસ કીધી પણ શાવકે પોતાની માતાને જલદીથી પાછો ફરવા કહેલું હોવાથી તે ઉતાવળે પોતાનાં ઘર તરફ વળ્યો.

રૂસતમજી દારૂવાલા શાવકને તેનાં ઘરનાં દરવાજાપર મલ્યા. પાછું તેવણે જરાક ચોંકીને શાવકને સાહેબજી કીધી.

શાવક અજબ થયો. "એટલે, એમ ચોંકવાનો સબબ શું"?

પ્રકરણ ૧૦.મું

પરીચેહેરબાનુંની પતરાજી.

આજે પરીચેહેરબાનુ જાંહાગીર એસકીનાં દીકરા જાલનું પેહેલું વરસ છે. વાલકેશ્વર ખાતેનો તેઓનો મેહેલ સરીખો બંગલો ખુબ ગાજી રહ્યોછે. આંયા નાધેલા જાલને બંગલાનાં વરંડા પર ફેરવેછે; તેટલાં પેમલો મસાલ આયા પાસ આવી કહેવા લાગ્યો.

"અરે એઇ રોજાંમ તું ઇહ્કાં શું કરતીછે. ઓલી તારે નામની ઉપર તોપ પડતી છેને. પરીયાં બાઇ વીજણ માફ્ક છેડાતાંછેને. કેહેજે બુચાને હજી નવાં કેપડાં બદલાએવાં કેમ નહીં?"

"ચાલ મને શું કેહેછ? કેટલી વખત પુઠેપુઠ ફ્રીને કપડાં માગું. પોતે થોડી.દસવાગા તોબી તૈયાર થઇછજે."

"અરે એતો મહીરેથી જલેબી સુતરફેણી આવેલીની તેનાં વાટલા પાડતીછે. ને થાકી જાતી છે તે બધાં છાત વીજોડાં લેતીછે. આપણે તો તુંને કહેવાને મછે છટકી આયા. મોટાંબાઇ છાથબી એવી તડાયને તેની છુજે જાંગીર છેઠબી એવા મરાયકે

બોલ્યાની વાત નહીં. મોટા છેઠું હોતા કની ત્યારે એ અંગેરિં જેઠની મગદૂર છું કે આમ માયની છામું બોલે. તેવણ ગયામાં બધાં ગરીબડાં બાઈપર બહુ જુલમ કરે. એ પરીયાંબાનું છીખેલો ભણેલીને પછાર થયલી ને આવી તકાબરી કરે. ભલાભલા આફીછરો છીખેલા ભણેલા અને આપણાં મોટા છેઠ તે છું ઓછા પઢેલ હતાજે, ને છું બીચારાની નમનતાઈ અને અછરાફીને..... ઓ લે તુંને હાંક મારે. દોડતો.”

“માય બુચાને હજુ નહવાડાવ્યા વગર ફેરવેછ કે?” પરીચેહેરેબાનુંનાં સાસુ બોલ્યાં.

“ચાલો તમોને કોણ બોલાવેછ વચ્ચે. જોતાં નથી કે હું બધાંને ત્યાં મીઠાઈ મોકલતાં બધી થાકી થાકી જાઉંછ તે.”

“પણ મને સાથે મદદ લાગવા દેની દીકરી.”

“હા, એટલે પોતાને મહીરે અને દીકરીઓને ત્યાં બધુ સપાટ કરી મુકે ને હું વાર જોતી બેસી રેહુ.”

“અરે એ તું શું એવું એવું બોલેછ? હજુ ઘણી નાદાન છે નાદાન.”

"ચાલો ખુસતાં જવો મને. હજુનો બચ્ચાં-ઓની માવજતનાં ભાષણમાં મારા જ મેલા સાથ જવાનું છે. પછી વલી બપોરનાં સરકસમાં જવાનું, ને રાતે વલી નાંટક જોવા જવાનું છે. મરેરે કેમ કરશ. દસનો વાગા ને નોહાવસ કયારે ને તૈયાર કયારે થવસ ને બધું કેમ કરશ."

"માય એકુ ગમ માંડીવાલ, નકાંમી થાકી જશે. આય બુચોબી તારા વગર રડરડ કરયા કરશે ને નકમો. તેનો જીવ બગડશે."

"તો તારે, પોરીયાંઓને લીધે ઘેરમાં ગંધઈ બેસુ. જો વાત લાવ્યાંછ તે. બે ઘડી ફરાય હરાય કરીને તો હેરાંનગતી ભોગવીને બુચાને વાસ્તે દુધવાલી આયા રાખી."

"એવા ફરવા હરવાનાં શોખને લીધે હાથે કરીને પોતાની તબીએત બગાડવી ને બચ્ચાંને હેરાંન કરવું એ ફીશયારી ને મુર્ખાઈ શીવાય બીજું શું?"

"ચાલો ચાલો. એટલું બધું કોણને બોલોછ." કરી પરીચેહેરેબાનું છેડાઈ પડયાં, તેટલાં તેવણની બેનં ચાંદન આવી લાગી?" "માય ચાંદન તું આવી

કે! હું તારીજ વાત જોતીતી. બંધે બેહેનો હેતથી ભેટયાં ને પરીચેહર તૈયાર થવા દોડયાં.

આપણે ચાંદનને ઘણી નાંધલી જોઇ હતી. ત્યાર પછી હમણાં તે સાડી પેહેરેલી ઘણી સુંદર અને ડાહી છોકરી થઈ હતી.

"કાંયે દીકરા તું કાંઈ દલગીર જેવી જણાયછ." પરીચેહેરનાં સાસુએ ચાંદન સાથ એખલાં પડતાં પુછયું.

"હા મારો જીવ દલંગીર થયલો છે. બીચારાં કાકા કાકી કોણ જાણે શું છે તે ઘણાં દલગીર થઈ ગયલાં છે, ને છોકરાંઓ સાથ આજે પુને ઉપડી જવાનાં છે. કાંઈ એકાએકજ ઉભુ કીધું.

પ્રકરણ ૧૧ મું

રૂસતમજી કાકાનું મરણ.

શાવકનું મીઠું સ્વાથનું કારજ માંડી વાલેલું તથા કાવસજી માસ્ટરમે પોતાનાં કુટુંબ સાથ એકાએક, પુને જતા રહેલા આપણે આગલ જોઈ આવ્યા છેયે. તે બાબદને થોડાક મહિનાં નીકલી જવા કેડે એકાદ સંજે શાવક પોતાનાં ધરાકમાંથી ઘણો ઉશકેરાયલો ઘર આવ્યો. રૂપઈ તેને સાંમેજ મલી. તેનો ઉશ્કેરાયલો દેખાવ જોઇને તેણી ગભરાઈ ગઈ અને પુછવા પડી.

"ભાઈ સાવલ્યા, શું છે ? કાંઈ હેબત ખાઈ આવ્યો હોય તેમ શું કરેછઓ. બોલી દેની તાં શું છે? આજે આપણાં મોહોલ્લામાં અકસમાત થયો કહેછે તે જોઈને કાંઇ હબતી ગયો શું ? કોઈ પારસી બિચારો બાહારગામનો કહેછ તે ગાડી તલે આવી ગયો કહેછ."

"શું ત્યારે તમોનેબી બિચારાનાં કમનશીબની ખંબર પડી ? ગરીબ બિચારા કાકા. અરેઅરે પોતાનાં ગુનાહો માટે મરતી વખતે કેવી તોબેશ કીધી !"

" કોઈ બુધા કાકા હતા કે ગરીબ બિચારા." રૂપઈ બોલી.

" અરે આપણાં કાકા, રૂપઈ. આપણાં પોતીકા કમંનશીબ બિંચારા કાકા કચડાઇ ગયા."

શાવકનાં મા જેવણ આ ભાઈબેનોની વાતચીત સમજી. દોડી આવ્યાં હતાં તેવણ એક ચીસ પાડી ઉઠયાં, તથા રૂપઈ પણ ઉપલું સાંભલી દીધમુધ થઇ ગઇ. થોડેકવારે મન સમાધાંન થયાથી રૂપઈ પુછ્વા પડી. "શાવક આંપણાં કોઇ કાકા હુતા તે તો મેં આજેજ જાણ્યું."

"હા બિચારા તેવણ જીવતા હુતા પણ આપણને લાંબો વખતવેર કાંઇ ખબર નહી હતી." શાવક બોલ્યો.

"સવારનાં બિચારાને આપણાં મોહોલામાં અકસમાત થયો ને ત્યાંથી હોસપીટાલમાં લઇ જતાં હતાં તેટલાં સારૂં થયું જે હું તે તરફ જઈ લાગ્યો. અને પાસેજ કાવસજી માસ્ટરનું ઘર હતું ત્યાં કાવસજીનું કુટુંબ પુનેથી તરતનું આવીને ગાડીમાથી ઉતરતું હતું તેટલાંજ ઉપલી ગડબડ સાંભલી પોતાનાં મકાનમાં કાકાને બીચારાને તેઓ લઈ ગયાં. હમોએ આખો દિવસ ઘણીજ સારવાર

કરીને બિચારાને ઘણીજ આરામ આપવાનો કીધો પણ કાંઈ વલ્યું નહિ; ને અંતે હમણાં થોડીવાર થયો ગુજરી ગયા."

"તોબાહ, તોબાહ. મારા દેરેતો બિચારેએ મારા બેહેસ્તીનો વગ છેલ્લે છેલ્લે આપ્યો હતો." શાવકનાં માતા બોલ્યાં. "અવારેજ અહીંજ આવી સોધારયાતા."

"કોણ માયજી? આપણે ત્યાં જેવણ હંમેશ આવતા હતા તેવણ કાકાજી થાય! લીલા ચસમાવાલા પારસી તેવણ!" રૂપઈ બોલી.

"હા દીકરી તેવણજ."

"તેવણનું નાંમ શું વારૂ?"

"રૂસતમજી દારૂવાલા." શાવક બોલ્યો.

"દારૂવાલા! એમ કેમ! આપણી અટક જુદી ને કાકાજીની દારૂવાલા કેમ?"

"હા બાહાર ગાંમમાં દારૂનો ધંધો કરવાથી, જેમ પારસીઓમાં ધંધા પરથી અટકો લખવી સાધારણ થઇ પડયું છે, તેમ એવણ પણ લખતા હતા. બિચારા ગુજરી ગયા, તેવણ પાછલ બોલવું નં

જોઈયે, પણ બીચારાએ પોતેજ મરતી વખતે બધું કબુલ કીધું, ને મારી તેમજ કાવુસજીને ત્યાંનાંની માફ માંગી, તથા તમારી પણ કરગરીને માફી માંહી છે. તમોને તથા બેહેનને મલવા ઘણી હોંસ દેખાડી; પણ હમો કાંઇને બોલાવા મોકલ્યે તેટલાંજ બિચારાએ પ્રાણ છોડયો. ગુજરતી વખતે મીઠાંને તથા મને સાથે ઉભેલાં જોઈ પોતે કાંઇ એટલા ખુશી જણાયા, અને હમોને સારી દુવા દીધી; હમોએ પણ બિચારાને બનતો સધ્યારો તેમજ ધીરજ આપી."

"પણ મને બરાબર વિગતે તો કહે. બીચારાએં તોજેશ શાંની કીધી ને માફી શાંની માંગી?" શાવકનાં માં બોલ્યાં.

"કાવસજી માસ્ટરને વરે તમોને બધું ખોટું સમજાવ્યું કે એવણનાં બાપ બપાવા આપણાં કુટુંબનાં પૈસા ઉચાપત કરી ગયા, ને આપણને દુઃખ દીધું. તે બધું કાવસજી માસ્ટર સાથ ધંધાનેસર અણબનાવ થવાથી તમોને અમથું સમજાવ્યું ને તે તમે તમારી ખાતરી કર્યા વગર ખરૂં માંની લઇને તે પરથી ત્યાં મારૂં કારજ કરવા ના પાડી.

આપણા બાવાએ શું સરસ રીતે જીંદગી ગુજારી હતી. છેલ્લે ગરીબાઈ ખમી, પણ નશીબની ચક્કરે ખમી; પણ રૂસતમજી કાકાને તો તે વખતે બાહાર ગામમાં વેપારમાં પુષ્કલ કમાંણી થતી હતી. પણ આપણી કોઈ દિવસે કનવીર કીધી નહી, કે ખબર લીધી નહીં. ખરાબ દોસ્તો મલ્યા જેની સાથે મોજ મજાહમાં ને ખરાબ રીતે જીંદગી ગુજારી. હવે આપણને કાંઇ બોલવું ન જોઈયે. મને જ્યારે બી કેઠેબી બસ મલે એટલે બેહેસ્તી બિચારા ચોકથીજ કરતા હતા."

"તે તુંને જી ભરૂં બધા તે તું તારા બાપને નખેનખ દેખાવમાં મલતો છે તે. તુંને કેઠેબી કોઇ બાહાર જોય તો તરત બેહેસ્તીનાં દીકરા દાખલ ઓલખી કાઢે; તે તુંને પોતાનાં ભાઈનાં દીકરા દાખલ એવણે ઓલખી કાઢયો હશે." શાવકની માતા બોલી.

પ્રકરણ ૨૨ મું.

સેવટે.

ઉપલા બનાવને છ માસ પાસ વીતા કેડે વરલીનાં એક સુંદર બંગલાના એક સગવડવાળી રોણકદાર દીવાનખાનામાં આપણે જરા નજર ફેંકયે. મીઠાં, રૂપઈ તથા શાવકની માતા શાવકની ઇંતેજારીથી રાહ જોતાં બેઠાં છે.

"શું થયું, હજુ મારો શાવક દીયર આવ્યો કેમ નહિ? હમેશ કરતાં અર્ધ કલાક મોડું?" મીઠાં, ત્યાંના એક ધડીયાલમાં સાંજના સાડા સાતની ટકોરી પડતાં બોલી ઉઠી.

"આ આવી લાગ્યો." કરી મીઠાં સાંમે હરખ ભેર લેવા દોડી.

"કેમ દીકરા. આવ્યો કે! આજે એટલું મોડું કેમ!"

"હા માયજી આજે દવાખાનું મોડું બંધ કીધું. બિચારા ગરીબો પુષ્કળ મુફત દવા લેવા આવે છે. શું કરૂં, માણસ પોતાની ટકોબરી કેમ છોડી દેછે, તેનો મેં આજે નજરોનજર દાખલો જોયો છે. મારી મસાલની ચાકરી વખતે તે નીશા-

લનાં એક મારફતે મને ઘણાં હીનતા હતા, તેવણ આજે મરેલ હાલ લેવા આવ્યા હતા. શું તે વખતે તેવણનો તોરો ને શું હમણાં બિચારાની હાલત. તેણે અગલાંપાછલાં બધાં સાહેલાં લગાવતાં ઘણો વખત કાઢયો અને ખરા બીજી એક ખુશ ખબર કેહું: રૂપઈ હવે તું ને જવું પડશે જો. મીઠાં હવે આંપણે ત્યાં આવી હવે તું રૂસતમને ત્યાં જા."

રૂપઈ લાલ થઇ જઈ બોલી, " જાબા એમ શું મશકરી કરોછ ! રૂસતમ તાણ બલ્યો છ."

" રૂસતમ પટેલ કરી ગયે વરસેજ મારો દોસ્ત ડૉકટર થયો છે. ઘણો શ્યાનો ને ભલો છોકરો છે. તેને તારા હાથની માંગણી કીધી છે. માયજી હવે તમારી ઉમેદ ફલશે. તમે માથુ ખાઈ જાવોછ તે હવે ચાલો એનું માથું ઘોઇ નાખો."

"નહીંબા, મને અહીં મારે મહીરે શું દુઃખ છે. હવે જરા પૈસા ટકાનું સુખ જોવાનું ત્યારે હું કાંઇ બીજી ગમ જાઉં નહિ."

રૂપઇ તે કાંઈ હવે આગલી બાપડી લુલી લંગડી રૂપઈ નથી. તેણી હવે વીસ એકવીસ વર્ષની તનંદરોસ્ત અમલા થઈ છે.

"હા બા, રૂસતમ બિચારો કાંઇ પૈસાવાળો નથી. પણ તુંને ખરાં જીગરથી ચાહે છે; તેની આગલ પૈસા કુચ બીસાતમાં નથી રૂપઇ."

"બસ બસ ખોદાએ મને કેવી સુખી બનાવી દીધી. મારો શાવક અને મીઠાં, ને મારી રૂપઇ અને રૂસતમને ખોદા સલામત રાખે." શાવકની માતા બોલ્યાં.

રૂપઈ, મીઠાં તથા શાવક ત્રણે મોટેથી હસી પડી બોલી ઉઠયાં. "માતજી અત્યારથીજ રૂસતમને કબુલ બી કરી દીધો કે?"

તેટલાં જમવાનો ઘંટ વાગવાથી સર્વ જણાં ખાવાનાં ઓરડામાં જવા ઉઠયાં. તેઓ સર્વેનાં ખુશાલ ચેહેરા પરથી આપણે આપણી નજર હવે ધીમે ધીમે દુર કરીશું.

સમાપ્ત.